# કુરાન અને રૂહાનીયત

: લેખક :

અલ્લામા નસીરૂદ્દીન 'નસીર' હુંઝાઇ

: અનુવાદક :

અકબર હબીબ રાજન

: પ્રકાશક :

ખાનએ હિકમત-ઈદારાએ 'આરિફ'
3-એ, નૂર વીલા, ગાર્ડન વેસ્ટ
કરાચી (પાકિસ્તાન)

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | ટૂંક સાર | પેજ નં. |
| ૨. | પ્રસ્તાવના | ૩ |
| ૩. | કુરાન અને રૂહાનીયત | ૧૧ |
| ૪. | ભાગ ૧ થી ૫ | ૧૬ |
| ૫. | ભાગ ૬ થી ૧૦ | ૨૩–૨૫ |
| ૬. | ભાગ ૧૧ થી ૧૫ | ૨૬–૨૯ |
| ૭. | ભાગ ૧૬ થી ૨૦ | ૩૦–૩૩ |
| ૮. | ભાગ ૨૧ થી ૨૫ | ૩૬–૩૯ |
| ૯. | ભાગ ૨૬ થી ૩૧ | |


★

ISW IS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

# ટૂંક સાર

**આરંભ :**

કુરાન અને રૂહાનિય્યતના આરંભમાં સર્વ પ્રથમ રબ્બુલ ઈઝઝતની બારગાહમાં ઈલ્મી સેવાની સદબુદ્ધિ અને હિંમત માંગવામાં આવી છે પછી પુસ્તકના નામ વિષેના કારણો, તેની મહત્ત્વતા અને તેની ઉપયોગીતાનો ઉલ્લેખ આવ્યો છે તે પછી સબંધિત વિષય પર પ્રકાશ નાખવાની રીત તથા ધર્મના બુઝુર્ગોના ભાષણ તથા લેખનના સિધ્ધાંતોનુ ખૂબ ટૂંકમાં વર્ણન કરવામાં આવ્યું છે અને આરંભના છેલ્લા ભાગમાં કુરાની રૂહની સાબીતીમાં અમુક અસરકારક દલીલો રજૂ કરવામાં આવી છે.

**કુરાન અને રૂહાનિય્યત :**

પુસ્તકનું નામ કુરાન અને રૂહાનિય્યત એ અર્થમાં છે કે આમાં કુરાનની રૂહ, રૂહાનિય્યત અને નૂરાનીયતની ચર્ચા કરવામાં આવી છે અને એ જ વિષયથી શરૂઆત થઈ છે અને તેના આરંભના (૧૩) તેર ફકરાઓ સબંધિત વિષયની ઓળખાણ સ્વરૂપે છે જેની શરૂઆત રૂહ સબંધે એક કુરાની આયતથી થઈ છે અને તેની સમજણ-ખુલાસામાં કહેવામાં આવ્યું છે કે રૂહ એ ભૌતિક જગત (આલમે ખલ્ક)થી નથી (પણ) હુકના જગત (ખુદાના હુકમ)થી છે. તે પછી રૂહ અને રૂહાનીયતની સાથે કુરાનેપાકનો જે બાતિની સબંધ છે તેના વિષે

ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

એ મુજબ, લખેલું છે કે કુરાન બાતિનમાં રૂહ, રૂહાનિય્યત અને નૂરાનીયત છે. પછી શબ્દ રૂહાનિય્યતનું પૃથ્થકરણ-(છણાવટ) કરવામાં આવ્યું છે અને જુદા જુદા દરજ્જાઓની રૂહોનો ઉલ્લેખ કરતાં કરતાં એ વાત સાફ જણાવવામાં આવી છે (એ વાત ઉપરથી પર્દો ઊંચકવામાં આવ્યો છે) કે (રૂહુલ કુદ્દુસ) અર્થાત પવિત્ર રૂહ મનુષ્યની સૌથી ઊંચી રૂહ છે અને બતાવવામાં આવેલું છે કે રૂહાનીયત આજ (રૂહના) મારફત છે અને એ જ રૂહ તે સંપૂર્ણ મનુષ્ય અર્થાત ઈન્સાને કામીલનું નૂર છે. જણાવેલું છે કે કાયનાત અને તેમાંની દરેક હસ્તીનો કોઇ કણ (કોઇ અણું) રૂહના અસ્તીત્ત્વથી ખાલી નથી. પછી ખુદાવંદી નૂરના પ્રકાશમાં આ જગતની બુલંદી (ઊચ્ચતા) તથા નીચતાના ભેદોથી જાણકાર થવા વિષે ઈશારા કરવામાં આવ્યા છે વિગેરે. તે પછી એવા ફકરાઓ છે જેમની શરૂઆતમાં (નંબર) સંખ્યા લખેલી છે.

**૧ થી ૫ :**

૧. ઈસ્લામ હઝરત પયગમ્બર સલ્લમના બાપદાદાનો મઝહબ હતો. તેથી કરીને આપ સાહેબ (સ.અ.સ.) બાળપણથીજ દીને હક (સાચા મઝહબ) ઉપર કાયમ હતા.

૨. પવિત્ર પયગમ્બર સાહેબ (સ.અ.સ.)ગારે હીરાના એતકાફમાં (ખુદાની યાદમાં બેઠા હતા તે સમયે) ઈબ્રાહિમી મઝહબ (અર્થાત ઈસ્લામ)પ્રમાણે ઝિકર અને ઈબાદત કરી લ્યા

કરતા હતા જેનું શિક્ષણ આપ સાહેબ (સ.અ.સ.)ને હઝરત અબુતાલીબે આપ્યું હતું.

૩. (દીને હક) સાચો મઝહબ ખુદાનું નૂર છે, તે કદી બુઝાતો નથી. તે જ નૂર સદા હાદીમાં હોય છે અર્થાત હિદાયત કરનારમાં હોય છે.

૪. નબીએ કરીમ હઝરત મહમદ (સ.અ.સ.)ને ફરમાવવામાં આવ્યું કે તમો ઈબ્રાહીમી મઝહબને અનુસરો-તેની પૈરવી કરો, જે પરથી સ્પષ્ટ થાય છે કે આપના સમયમાં હઝરત ઈબ્રાહીમ (અ.સ.)ની તાલીમ જીવંત હતી.

૫. વહીના નાઝીલ થવાના બહુ પહેલાં, હઝરત મુહમ્મદ (સ.અ.સ.)ની રૂહાનિયતનો આરંભ થયો હતો. વહીના ત્રણ દરજ્જા હોય છે. પયગમ્બર સાહેબની રૂહાનિયત કુરાનની રૂહાનિયત હતી. રૂહાનિયત પ્રકાશિત કલ્પના (સ્પષ્ટ કલ્પના)નું એક જીવંત જગત હોય છે જે અમુક સમય સુધી મુંગી-ખામોશ તસ્વીરો અને રંગબેરંગી દૃશ્યો રજૂ કરતું રહે છે અને તે પછી તેની પ્રત્યેક વસ્તુ બોલી ઉઠે છે. વહીના માટે એક નહિ, અસલમાં પાંચ ફીરશ્તાઓ નિયુક્ત કરેલા છે.

**૬ થી ૧૦ :**

૬. પ્રારંભિક રૂહાનિયતના અમુક વિભાગોમાં બેહદ તેજસ્વી કાંતી (પ્રકાશ)ને કારણે દિલની આંખો અંજાઇ જાય છે. રૂહાનિયતમાં આસ્માન તથા જમીન અને દુનિયા તથા આખેરતનું સર્વ કાંઇ મૌજૂદ છે.

૭. રૂહાનિય્યત આ વસ્તુઓની બનેલી હોય છે : દેવદૂત (ફરિશ્તાઓ)ની અને (અન્ય) પવિત્ર અવાજો ધ્વની. કાલ્પનિક સ્વરૂપો–ચહેરાઓ જુદા જુદા પ્રકારના હિકમતસભર ઈશારાઓ–નીશાનીઓ. દરેક પ્રકારની તાવીલી ઉપમાઓ રૂહાની અને નૂરાની લખાણો મહાન નામો (ઇસ્મે આઝમો)અને સંપૂર્ણ શબ્દો. રૂહ અને અક્કલના અતીઘણા ચમત્કારો અને મોઅજિઝાઓ વિગેરે.

૮. કુરાનની રૂહાનિય્યત ત્રણ દરજ્જાઓમાં છે. એટલે કે જીબ્રલઇ ફરિશ્તા મારફત વહીનું આવવું, પર્દા પાછળથી ખુદાની વાતો સાંભળવી અને નૂરના જાહેર થવાના ઈશારાઓ.

૯. ખુદાના રસૂલ (સ.અ.સ.) પ્રકાશિત દીવો હતા તેનો અર્થ એ થયો કે તેઓ મોમિનોના દિલોને પ્રકાશિત કરી દેતા હતા.

૧૦. નૂરનો અર્થ–હેતુ છે રૂહાની હિદાયતનો પ્રકાશ અને ન કે જાહેરી અને ભૌતિક પ્રકાશ.

**૧૧ થી ૧૫ :**

૧૧. પવિત્ર કુરાનમાં અમુક (માનવંત) લોકોને જ્ઞાનમાં મજબૂત (પૂર્ણ) હોવાનો દરજ્જો આપવામાં આવ્યો છે. જ્યારે આ સાહેબો ખુદા પાકના ધોરણ મુજબ જ્ઞાનની એ ઉચ્ચ ખાસિયતથી સભર છે તો કુરાન વિષેનું તેમનું જ્ઞાન કેટલું વિશાળ અને ઊંડુ હશે.

૧૨. આ એજ સંપૂર્ણ માનવી (કામીલ ઇન્સાન) છે

ISW Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

જેઓ પવિત્ર કુરાનની રૂહાનિયત સુધી પહોંચી ચૂક્યા છે અને એ જ તે પવિત્ર હસ્તીઓ છે જેમની પવિત્રતાનો ઉલ્લેખ કુરાનમાં મૌજૂદ છે.

૧૩. પવિત્ર નબી સાહેબ (સ.અ.સ.)ની નૂરાનીયત અને રૂહાનિયતનો અર્થ એ છે કે કુરાનનું નૂર ઈમામતના સિલસિલામાં (વંશપરંપરાગતમાં) ચાલતું આવે છે અને બાકી છે.

૧૪. કુરાનનો જે ભાગ હઝરત પયગમ્બર (સ.અ.સ.)ના પવિત્ર હૃદય–દિલ ઉપર નાઝિલ થતો હતો તે રૂહ અને નૂરની સ્થિતિમાં થતો હતો અને નબીએ કરીમ (સ.અ.સ.) એજ નૂરના મારફત સીરાતે મુસ્તકીમ (સીધા રસ્તા)ની હિદાયત–માર્ગદર્શન કરતા હતા, અને અત્યારે પણ એ જ નૂર દુનિયામાં હાજર અને મૌજૂદ છે.

૧૫. પયગમ્બર (સ.અ.સ.)ના વારસ–ઉત્તરાધિકારીમાં સિવાય પયગમ્બરીના આપ સાહેબના દરેક ગુણો હોય છે.

**૧૬ થી ૨૦ :**

૧૬. કુરાનની રૂહાનિયત (સીરાતે મુસ્તકીમ) સીધા રસ્તા ઉપર આવેલી છે. માટે જે પણ આ સીધા માર્ગ ઉપર આગળ વધશે તેઓ રૂહાનિયતનો અનુભવ અને તેનું અવલોકન કરશે. અને (હાદીએ બરહક) સાચો હાદી, એટલે ખુદા તો તેના વારસ અને અમલી માર્ગદર્શક છે.

૧૭. જ્યારે કુરાનમાં (દિલની) હૃદયની આંખો

આંધળી હોવાને વખોડવામાં આવ્યું છે ત્યારે સમજવું જોઇએ–જાણવું જોઇએ કે આ જીવન–આ જિંદગીમા જ રૂહાનિયતના જગતને નિહાળવાનું જરૂરી ગણવામાં આવ્યું છે.

૧૮. મારફત બીજું કંઇ નહિ પણ તે ઓળખાણને કહેવામાં આવે છે કે જે હૃદયની આંખો વડે રૂહાની હકીકતો સચ્ચાઇને નિહાળી લીધા બાદ પ્રાપ્ત થાય છે. અને જ્યાં મારેફતનો હેતુ ખુદાની ઓળખનો છે ત્યાં તેની અંદર સઘળી નીચલી અને પેટા મારફતો સમાયેલી છે.

૧૯. મારફતના અર્થમાં ખુદાના ગુણોના પ્રકાશ (તજલ્લી)ને નિહાળવાનો સ્પષ્ટ ઇશારો મૌજૂદ છે અને એ જ તજલ્લીઓ કુરાનની રૂહ અને નૂરાનીયત પણ છે.

૨૦. જો ખુદાને જોવું (ખુદાનો દીદાર) એક સચ્ચાઇ છે, (એક હકીકત છે) તો પછી કોઇ વસ્તુ એવી નથી જેનો અનુભવ ન થતો હોય, અને તે મારફતની હદ (મા'રફતના વર્તુળ)થી બહાર હોય કારણ કે અલ્લાહ તઆલાનું સ્થાન સૌથી ઊંચે–સૌથી બુલંદ છે.

**૨૧ થી ૨૫ :**

૨૧. જો કોઇ મનુષ્યને રૂહાનિયતના જગતનું અસ્તીત્ત્વ હોવા વિષે શંકા હોય તો તેણે ઓછામાં ઓછું પોતાના સ્વપ્નાઓની સ્થિતિ ઉપર વિચારવું જોઇએ કે સ્વપ્નાઓની પોતાની એક અલગ જુદી દુનિયા છે કે નહિ. તે જ પ્રમાણે રૂહાનિયત પણ એક જગત છે પણ તે સ્વપ્ન અને જાગૃત

અવસ્થા કરતાં ઘણા સારા અને પ્રકાશમય દરજ્જા ઉપર છે.

૨૨. પયગમ્બર સાહેબ (સ.અ.સ.) અને (બરહક) સાચા ઈમામના નૂરની હિદાયતથી ઈમાનવાળાઓના હૃદયમાં નૂરાનીયતની એક દુનિયા આબાદ થઈ શકે છે.

૨૩. કુરાનની રૂહાનિયત આજે આ જગતમાં પણ સ્વર્ગ (જન્નત)છે અને કાલે આખેરતમાં પણ (સ્વર્ગ) હશે. માટે આ જગતમાં જ તેની ઓળખાણ જરૂરી છે.

૨૪. તાવીલનું જ્ઞાન ખુદાના તરફથી અર્પણ કરવામાં આવે છે અને અમલી (વ્યવહારૂ-જેનો અનુભવ કરી શકાય તે) તાવીલ કુરાનની રૂહાનિયત અને નૂરાનીયત છે.

૨૫. એક સામાન્ય માનવી જો રૂહાનિયતના જગતથી અજાણ છે તો તેણે પોતાની કલ્પનાઓના જગતથી તેનો અંદાજો મેળવવો જોઈએ.

**૨૬ થી ૩૧ :**

૨૬. આ જાહેરી જગત-બ્રહ્માંડ જે રીતે સૂર્ય, ચંદ્ર અને તારાઓના પ્રકાશ વડે પ્રકાશિત છે તે રીતે મઝહબ-ધર્મનું જગત પયગમ્બર (અ.સ.), ઈમામ (અ.સ.) અને હુદુદે દીનના નૂર વડે જલ્વાગર છે અને નૂરનું મૂળ (નૂરનું ઉદ્‌ભવ સ્થાન) હંમેશા એક જ હોય છે.

૨૭. જે રીતે પાણી મેળવી આપવાને માટે પર્વત એ આકાશનો પ્રતિનિધિ છે તે જ રીતે જ્ઞાન અને માર્ગદર્શન (ઇલ્મ અને હિદાયત)ના માટે પયગમ્બરનો પ્રતિનિધિ

અસાસ છે.

૨૮. જો અંતર ચક્ષુ (હૃદયની આંખો)થી જોવામાં આવે તો જરૂર જણાશે કે હઝરત ઈસા (અ.સ.)ના ચમત્કારો (મોઅજીઝાઓ) હાદીએ બરહક યાને રસ્તો દેખાડનાર સાચામાર્ગ દર્શક થકી જાહેરમાં આવે છે-આવતા રહે છે.

૨૯. બસીરત એ કુરાનનો એક શબ્દ છે જેનો ખાસ અર્થ છે હૃદયની આંખ અને બાતિની પ્રકાશ. માટે પયગમ્બર સાહેબ (સ.અ.સ.) તથા આપના હકીકી વારસદારોએ-આપના પછી આવનારા ઈમામોએ-પણ બસીરતથી કામ લીધું અને હક-સચ્ચાઈની દાવતની ફરજ બજામણીને પૂરી કરી.

૩૦. જો મોમીન પયગમ્બરે અકરમ (સ.અ.વ.) અને ઈમામો (સ.અ.સ.)ની ખરા અર્થમાં પૈરવી કરે છે- તેની પાછળ ચાલે છે. તેમની ફરમાન બરદારી કરે છે- તો ચોક્કસપણે તે પણ બસીરતનો પ્રકાશ પ્રાપ્ત કરી શકે છે.

૩૧. યાદ રહે કે ઈમામે ઝમાન (અ.સ.)ના પવિત્ર નૂરમાં કુરાનની રૂહાનિયત અને નૂરાનીયત સમાયેલી છે.

# પ્રસ્તાવના

## બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

અય ખુદાવંદે બરહક ! અય સર્વશક્તિમાન ! હઝરત રસૂલે મુસ્તફા સલ્લલ્લાહુ અલૈહી વ આલેહી વસ્લમના વાસ્તે અને સાચો રસ્તો દેખાડનાર એ ઈમામો સલવાતુલ્લા અલૈહીમના વાસ્તે આ અશક્ત અને નમ્ર–નાચીઝ બંદાને એવી નેક હિદાયત અને હિમ્મત અર્પણ કર કે જેના થકી આ ખાકસાર બંદો ઈમાનવાળાઓના માટે કંઈક ફાયદો દેનાર ઈલ્મી ખિદમત કરી શકે ! પરવરદિગાર તારી અપાર રહેમતોથી કંઈ પણ છેટું નથી કે (જેના થકી) તારી ઉચ્ચતમ બારગાહમાં આ ગરીબ માગનારની દુઆ કબૂલ થાય.

હવે એ બાબત સ્પષ્ટ અને સાફ છે કે આ પુસ્તક 'કુરઆન અને રૂહાનિયત' જેમકે તેના નામથી સ્પષ્ટ છે કે કુરાન શરીફની રૂહ અને રૂહાનિયતના વિષયથી સંબંધ રાખે છે. અસલમાં આ એક ભાષણ – વાંચન પત્ર – હતું જે કોઈ સભામાં સંભળાવવામાં આવ્યું હતું, પાછળથી તેને પુસ્તકનું સ્વરૂપ આપવામાં આવ્યું. હું ઈન્શાઅલ્લાહતઆલા સંતુષ્ઠ છું કે આ નાનકડુ કાર્ય ઈલ્મવાળાઓના માટે ઘણી હદે ફાયદામંદ સાબિત થશે.

જાણવાવાળાઓ જ જાણે છે કે ન ફક્ત હાલના સમયમાં (જેમાં ભૌતિક વાદ ખૂબ ચાલી રહ્યો છે) પરંતુ હંમેશથી આસમાની પુસ્તકની રૂહાનિયત કેટલો સખત અને મુશ્કેલ વિષય રહ્યો છે, પણ ખુદાતઆલાના લાખ લાખ શુક્ર છે કે અમો એક એવા દરવેશ કે જે રસૂલ (સ.અ.સ.)ની અહલેબૈતના ગુલામોમાંથી છીએ કે જેઓના પવિત્ર ઘરમાં કુરાને મજીદ નાઝિલ થયું હતું. અને અમારા માટે આ ફક્ત એક ભરોસો કે દૃષ્ટિબિંદુ જ નથી પરંતુ એક મારફતનો અનુભવ તથા સ્પષ્ટ હકીકત પણ છે કે ઝમાનાના ઈમામ સલ્વાતુલ્લાહ અલૈહી જેઓ અહલેબૈતમાંથી છે કુરાનની રૂહ અને રૂહાનિયત માટેનું સાધન અને તેનો આધાર હોતા હોય છે નહિ તો આપણે ક્યાં અને કુરાનની રૂહ ક્યાં ? જો આ સચ્ચાઇ ઉપરથી પરદો ન ઉપાડવામાં આવે તો જાહેર વાત છે કે એ એક ઘણી મોટી (ના શુક્રી) કૃતઘ્નતા થઇ જશે કે અમોએ અમારા આકા અને મૌલા તથા મુરબ્બીને ભૂલીને રૂહાની ઈલ્મને પોતાના જ માટે રાખવાના પ્રયત્ન કર્યા. ખુદા ન કરે કે અમો અમારા મહેરબાન મૌલાને ક્યારે ય ભૂલી જઇએ.

કુરાન અને રૂહાનિયતની હકીકતોને રજૂ કરવા માટે ઘણા પ્રકારો હતા પણ સૌથી વધારે વાજબી એ જ હતું કે રૂહાની અનુભવો, અવલોકનો અમલી તાવીલો વિગેરેને વ્યક્તિગત સંતોષ અને ખાત્રીનું સાધન બનાવીને અને વિષયની પાશ્ચાદ ભૂમિકા બનાવીને વધુમાં વધુ કુરાની સાબિતીઓથી કામ લેવામાં આવે. અને આપણા મઝહબી વડવાઓનો સિદ્ધાંત પણ એ જ

રહ્યો છે કે તેઓ ઘણી વાર વ્યક્તિગત રૂહાનિયતને પોતાના વિષયોની પાશ્વાદ ભૂમિકા તરીકે ઉપયોગમાં લેતા હતા અને જાહેરે જ્ઞાનની ભાષામાં ચર્ચા હેઠળના વિષયને રજૂ કરતા હતા પરંતુ શેર અને શાયરીનો સિદ્ધાંત આ કરતાં જુદો છે.

અમુક લોકોને આ વાતથી ઘણી અજાયબી થશે જ્યારે કહેવામાં આવે કે કુરાનની એક મહાન રૂહ છે. જો કે આ ખુદાતઆલાનું ફરમાન છે. કાં તો તેઓ આ રૂહનો અર્થ કુરાનના અર્થનો સારાંશ સમજતા હશે કારણ કે તેમની દૃષ્ટિમાં કુરાનની કોઇ એવી રૂહ છે જ નહિ કે જે હલનચલન કરે અને વાતચીત કરે કેમકે તેમની સામે કુરાન ખામોશ છે. પરંતુ એ જાણવું જોઇએ કે ઘણી હકીકતો એવી છે જેમની રૂહ છે પણ જરૂરી નથી કે તે જાતે તેમની અંદર હોય. આ હકીકતની દલીલો રજૂ કરીએ છીએ.

(અ) માનવી જ્યારે નિદ્રાની સ્થિતીમાં હોય છે તો એક પ્રકારે તેની રૂહ તેનાથી જુદી થઇ જાય છે. તે દરમિયાન સિવાય (જીસ્માનીયતના) શરીરિકપણાના, સર્વ કાંઇ રૂહમાં હોય છે. આનાથી જણાય છે કે કુરાનની પણ એક રૂહ મૌજૂદ છે.

(બ) કુરાનમાં છે કે ખુદાતઆલાએ પોતાની રૂહ હઝરત આદમ (અ.સ.)માં ફૂંકી દીધી (૩૮:૭૨–૧૫:૨૯) એનો એવો અર્થ હરગીઝ નથી કે તે રૂહ એ અર્થમાં ખુદાની રૂહ હોય કે તે ખુદાની સાથે એક હતી પછી જુદા થઇ ગઇ. પરંતુ એનાથી એવો હેતુ નીકળે છે કે તે અનંત નૂર જે ખુદાતઆલાના તરફથી નિયુક્ત કરેલું હતું તે એક શરીરના

પોષાકથી બીજા પોષાકમાં બદલી થયું-બદલી થવા લાગ્યું જેના વિષે ખાસ પ્રતિનિધિત્વના હિસાબે કહેવામાં આવ્યું કે આદમ (અ.સ.)માં ખુદાએ પોતાની રૂહ ફૂંકી દીધી. એ જ રીતે કુરાનની પણ એક રૂહ છે જેમકે ખુદાની રૂહ અદમમાં હતી.

(ક) ખુદાની રૂહ જ્યારે બીબી મરિયમના તરફ મોકલવામાં આવી તો તે વખતે તે એક સંપૂર્ણ માનવી-કામીલ ઈન્સાનના સ્વરૂપમાં હતી અને તે એ સચ્ચાઇ-એ હકીકતની એક સ્પષ્ટ સાબિતી છે કે કુરાનની રૂહ અલગ છે અને તે એક સંપૂર્ણ માનવીના સ્વરૂપમાં છે.

(ડ) હઝરત ઈસા (અ.સ.) પોતાના સમયમાં રૂહુલ્લાહ (એટલે કે ખુદાની રૂહ)નો દરજ્જો ધરાવતા હતા તે એ અર્થમાં કે તે લોકોની વચ્ચે ખુદાતઆલાનો નિયુક્ત કરેલો માનેલો-ખુદાની જગ્યા સંભાળનાર અને પ્રતિનિધિ હતો. એ જ રીતે તે પોતાની અંદર તે સમયના આસમાની પુસ્તકની રૂહ અને રૂહાનિયત પણ ધરાવતો હતો. આ જ દાખલો આ જ મિસાલ સઘળા અંબીયાઓ અને ઈમામો અલૈહિમુસ્સલામની છે કેમકે તેઓમાંથી પ્રત્યેક પોતાના સમયનો ઈસા રૂહુલ્લાહ હતો અને તેમાં જે ખુદાની રૂહ હતી તેજ ખુદાના પુસ્તકની પણ રૂહ હતી.

(ઇ) ખુદાનું ફરમાન છે કે તેની પાસે એક બોલવા વાળું પુસ્તક છે (૨૩:૬૨, ૪૫:૨૯) જ્યારે કે એ હકીકત છે કે જ્યારે ખુદાની પાસે કુરાન સિવાય એક બોલવાવાળું પુસ્તક પણ છે તો તે બંનેની વચ્ચે કોઇ સગપણ-કોઇ સંબધ જરૂર હોવો જોઇએ કેમકે તે પણ ખુદાનું જ છે અને આ પણ. અને તે

બંનેની વચ્ચે જે સંબંધ છે તે એ છે કે (કિતાબે નાતિક) બોલવાવાળું પુસ્તક (કિતાબે સામિત) ખામોશ પુસ્તકની રૂહની હેસિયતથી છે અને કિતાબે નાતિક (ઈમામે મુબીન) જાહેર ઈમામ છે.

(૬) ખુદાતઆલાનું ફરમાન છે કે "પણ તે (કુરાન) સ્પષ્ટ ચમત્કારો (મોઅજીઝાઓ) છે, તે લોકોના દિલોમાં જેમને ખુદા તરફથી (ઈલ્મ) જ્ઞાન દેવામાં આવ્યું છે (૨૯:૪૯). આ કુરાનની આયતથી સ્પષ્ટ છે કે જે લોકોને (રબ્બુલ ઈઝઝત) ખુદાના તરફથી ઈલ્મ અર્પણ થયું છે તેઓ પાક ઈમામો અલૈહિમુસ્સલામ છે અને કુરાન એ જ માનવંતાઓના દિલોમાં રૂહ અને રૂહાનિયતના જીવંત ચમ્તકારો–મોઅજીઝાઓના સ્વરૂપે છે. એ જ કારણે વખતના ઈમામને કુરાને નાતિક કહેવામાં આવે છે. બસ આ હકીકત સંપૂર્ણ પણે સ્પષ્ટ થઈ ગઈ કે કુરાનની રૂહ કુરાન શીખવનાર–કુરાનનું શિક્ષણ આપનારમાં છુપાયેલી હોય છે અને આ પુસ્તકમાં એ જ વિષયની ચર્ચા કરવામાં આવી છે અને એજ સંબંધમાં મજબૂત અને સ્પષ્ટ દલીલો રજૂ કરવામાં આવી છે. "વમા તૌફીકી ઈલ્લા બિલ્લાહ" (૧૧:૮૮) અને મારી સફળતા ફક્ત અલ્લાહ તરફથી છે.

ફક્ત મૌલાની દરગાહનો બંદો,

**નસીરૂદ્દીન નસીર હુંઝાઈ**

શનિવાર, ૧૨ નવેમ્બર, ૧૯૭૭

# કુરાન અને રૂહાનીયત

## બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

હક સુબ્હાન વ તઆલા– ખુદાવંદે આલમીનનું ફરમાન છે કે "અને (અયરસૂલ) આપથી લોકો રૂહના વિષે સવાલ કરે છે. આપ કહી દ્યો કે રૂહ (આલમે ખલ્ક–ભૌતિક જગતથી નથી પરંતુ તે) અમારા પરવરદીગારના (જગત) હુકમથી છે. અને તમોને બહુ જ થોડું જ્ઞાન–ઈલ્મ દેવામાં આવ્યું છે (તે માટે રૂહની હકીકત નથી સમજી શકતા) ૧૭:૮૫

સદગૃહસ્થો ! આજે મારો વિષય જેમકે જાહેરાત કરવામાં આવી. કુરાન અને રૂહાનીયતના વિષે છે જેનો હેતુ અને ભાવના એ સમજી લેવાનો છે કે કુરાનમાં રૂહ અને રૂહાનીયતના વિષે શું ફરમાવવામાં આવ્યું છે- અથવા તો કુરાનપાકની આયતોમાં રૂહાનીયતની શું શું હકીકતોનો ઉલ્લેખ છે અથવા એમ કહેવું જોઈએ કે રૂહાનીયતની સાથે પવિત્ર કુરાનનો શું સંબંધ છે.

હૃદયની આંખો ધરાવનારાઓ ઉપર એ સત્ય સ્પષ્ટ અને પ્રકાશીત છે કે કુરઆને હકીમ પોતે બાતિનમાં રૂહ અને રૂહાનીય્યત તથા નૂર અને નૂરાનીય્યત છે, તે ફક્ત એટલા હિસાબે નહિ કે તે ખુદા તઆલાનું છેલ્લું પવિત્ર પુસ્તક છે અને હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલૈહી વ આલેહી વસલ્લમના પ્રસંગો

તથા રૂહાનીય્યતના ચમત્કારો તેમાં એકઠા કરેલા છે પરંતુ એ હિસાબે પણ કે તેમાં રૂહ અને રૂહાનીય્યત બાબત માર્ગદર્શન અને શિક્ષણના અનેકાનેક ભંડારો ભરેલા છે અને એ સાબિત થયું છે કે કુરાનમાં રૂહાનિયત જ રૂહાનિય્યત છે પરંતુ એ જાણવું જરૂરી છે કે રૂહાનીય્યત અસલમાં શું વસ્તુ છે અને તેનો **અર્થ**–તેનો મતલબ શું છે વિગેરે.

હવે એ જાણવું જોઈએ કે 'રૂહાનીય્યત' એ શબ્દને **છેટું** કરવામાં આવે તો તે અસલમાં એ રીતે છે કે રૂહથી **રૂહાની** છે અને 'હાની'થી રૂહાનીયત જેમકે જીસ્મ (શરીર)થી **જીસ્માની** (શારીરિક) અને જીસ્માનીથી જીસ્માનીયત. રૂહાનીય્યત એ તે હસ્તી – તે મખ્લુકનો ગુણ છે જેને રૂહના કારણે – રૂહના લીધે રૂહાની કહેવામાં આવે છે, પછી તે ફરીશ્તો હોય કે માનવી બીજા શબ્દોમાં રૂહાનીય્યત રૂહની ખાસીયત – **રૂહનો ગુણ** છે, રૂહનું કાર્ય છે. પરંતુ અહી સવાલ એ ઊભો થાય છે કે રૂહાનીય્યત કઈ રૂહને લીધે છે ? શું એ વનસ્પતિની રૂહાનીય્યત છે શું એ (હયવાન) જાનવરોની છે કે ઈન્સાની રૂહ છે ? અથવા આ ત્રણ રૂહોથી વધીને પણ કોઈ રૂહ છે ?

આ વસ્તુના જવાબમાં એ જણાવવું કે તે જેમાં રૂહાનીય્યતનું પરીપૂર્ણ નૂર સમાયેલું છે તે ન તો વનસ્પતિની રૂહ છે ન તો હૈવાનોની છે અને ન તો સામાન્ય માનવીઓની પરંતુ તે તો પવિત્ર રૂહ છે જેમાં રૂહાનીય્યતના ભેદો અને દરેક પ્રકારની – દરેક દરજ્જાની મારફતના ભંડારો મૌજુદ છે. એ ચોથી રૂહ છે કે જે અંબિયા અને ઈમામો અલૈહિમુસ્સલામની

પછી હકીકી મોમીનોને પણ જ્ઞાન – ઈલ્મ તથા અમલના પ્રમાણમાં પ્રાપ્ત થઇ શકે છે અને એ જ પવિત્રરૂહ છે જેના વિશે અલ્લાહતઆલાએ ફરમાવ્યું છે કે રૂહ આલમે અમર (ખુદાના હુકમ)થી છે જે સદાકતથી છે અર્થાત અનાદી છે.

રૂહ (આલમે અમર) અનાદિ કાળથી હોવાનો અર્થ એમ થયો કે તે આ ભૌતિક જગત કે જેની રચના ખુદાએ કરી તે સમયની નથી (પણ તેથી પહેલાંની છે) અર્થાત તે ભૌતિક વસ્તુ નથી, તે એક એવી હકીકત છે કે જે અનાદિ–હંમેશથી છે. તેની કલ્પના શારીરિક વસ્તુઓના સમાન નથી. તે શરીરથી તદ્દન અનોખી વસ્તુ છે. તે સમય અને સ્થળથી પર છે. તે પોતાની હસ્તીમાં લામકાનનો નમૂનો છે, બલ્કે તે પોતે જ લામકાન છે. તે જ્ઞાન અને હિકમતનું અસલ (ઉદ્‌ભવ) સ્થાન છે અને ખુદાની મા'રેફત–ખુદાની ઓળખાણનું સાધન છે.

પવિત્ર રૂહ કે જે પરિપૂર્ણ માનવીની રૂહ છે, તે ઈલાહી (ખુદાની) ઓળખનું સાધન છે. તે એવા અર્થમાં કે ખુદાતઆલાની ઓળખ (મારફત) કુરાન, પયગમ્બરો (અ.સ.) અને ઈમામે ઝમાન (અ.સ.)ના પવિત્ર માર્ગદર્શન (હિદાયત)ના વગર અશક્ય છે; અને પવિત્ર રૂહ એ આ ત્રણે માર્ગદર્શકો–હિદાયત કરનારના દરજ્જાઓ (એટલે કે કુરાન, રસૂલ (સ.અ.સ.) અને ઈમામ (અ.સ.)નું નૂર છે.

જાણવું જોઈએ કે ઈસ્લામ દીન મુજબ, બ્રહ્માં(કાયનાત) અને તેમાં મૌજૂદ વસ્તુઓનું નાનાથી નાનું કણ પણ રૂહ વગરનું

નથી પણ જેમ આગળ જણાવેલું છે તેમ રૂહના દરજ્જાઓ છે, અને જે વસ્તુઓને ખનીજ કે પદાર્થ - પથ્થર કહેવામાં આવે છે તેમાં પણ સુતેલી - સુષુપ્ત અવસ્થામાં રૂહ મૌજૂદ છે. આ સઘળા સત્યો સઘળી હકીકતોનો અનુભવ - તેનું અવલોકન ફક્ત એ જ સ્થિતિમાં થઇ શકે છે જ્યારેકે ઈમામે ઝમાન અલૈહીમુસ્સલમના નૂરના માર્ગદર્શનના પ્રકાશમાં કોઇ મોમન માટે રૂહાનીય્યતનો દરવાજો ખુલી જાય છે. એ જ રૂહાનીય્યત અગર જો એક તરફથી બ્રહ્માંડ - કાયનાતના ભેદની હેસીયતથી છે તો બીજી તરફથી તે કુરાનના રૂહની હકીકતના જીવંત ઉદાહરણો પણ રજૂ કરે છે એટલું જ નહી પણ ખુદા રસૂલ (સ.અ.વ.) અને ઈમામે ઝમાનની ઓળખ અને ઈન્સાનની પોતાની હસ્તી - પોતાની જાતથી શનાખત - ઓળખ પણ એ જ રૂહાનીય્યતમાં છે. જેમકે કુરાનમાં ફરમાવેલું છે કે "ખુદા તઆલા આસમાનો અને જમીનોનું નૂર છે" (૨૪:૩૫) આ અત્યંત બહોળા અર્થ વાળી અને હિકમત સભર પવિત્ર આયતનો ઈશારો એ છે કે જે નૂરમાં ખુદાવંદી ગુણ છે તે જ નૂર હિદાયત કરનાર માર્ગદર્શકનું પણ છે એટલે કે રસૂલ (અ.સ.) અને ઈમામમાં ખુદાનું એ જ નૂર છે, જેના પ્રકાશમાં બ્રહ્માંડના જાહેર અને બાતિન ઉચ્ચતા અને નિચતા તથા છેટેની અને નજિકની રૂહાની સચ્ચાઈઓ - હકીકતોનો એક જ સ્થળે - એકી વખતે અનુભવ થાય છે જેમાં અનંત અને અનાદી (અઝલી અને અબદી) સચ્ચાઈઓ તથા મારફત પણ હૃદયની આંખોથી સામે જ દેખાય છે અને કોઇ વસ્તુ એ ઈલાહી નૂરના

વર્તુળથી બહાર નથી રહેતી.

ઈલાહી નૂરના પ્રકાશમાં બ્રહ્માંડ સંબંધી – જગતની રચનાનો અને વ્યક્તિગત ભેદ – છૂપી બાબતો – નો અનુભવ તથા તેનું અવલોક્ન ફક્ત એ જ સમયે શક્ય છે કે જ્યારે ખુદા અને રસુલ (સ.અ.સ.) તથા સાહેબે અમ્ર (ઈમામે ઝમાન)ની તાબેદારીના પરિણામે મોમીનની રૂહાની આંખ ખુલી જાય છે એ વખતે તે ક્યાંય દૂર નહી પણ પોતાના જ રૂહની રૂહાનીય્યતમાં જ લા મકાની (યા ને કે કોઇ જગ્યા કે સ્થળની જરૂરત વગર) સ્વરૂપમાં સઘળી શક્યતાઓને નૂરાનીય્યતમાં નીહાળે છે અને યાદ રહે કે હકીક્તમાં એ જ અજાયબીવાળો પ્રસંગ (સઘળી શક્યતાઓને નૂરાનીય્યતમાં નીહાળવું) કુરાનની રૂહાનીય્યત પણ છે અને રૂહ તથા નૂરની મારફત (ઓળખાણ) પણ છે કારણ કે ભૌતિક અને શારીરિક વસ્તુઓ અલગ અલગ અને એક બીજાથી છેટે રહેલી હોય છે અને તેથી ઉલ્ટું રૂહાની વસ્તુઓ એક ઠેકાણે સાથે મળેલી હોય છે બલ્કે એમ કહેવું સત્ય છે કે રૂહાનિય્યતની વસ્તુ અસલમાં એકજ હોય છે પણ તેના હઝારો નામ અને અસંખ્ય કામો હોય છે અને એ જ કારણ છે કે આવા અત્યંત બહોળા અર્થ વાળા – ઘણા બધા ગૂણો એકમાં જ ધરાવનાર હકીક્તના ઘણા ઉદાહરણો – ઘણા દાખલાઓ વર્ણવવામાં આવ્યા છે કેમકે તેના ઘણા બધા પાસાઓ – ઘણી બધી બાજુઓ – અને ઘણો પ્રકાશ છે.

આ વર્ણન થકી બુદ્ધિમાન લોકોને માટે એ સત્ય વિશ્વાસ કરવા લાયક થઇ ગયું કે અસલમાં કુરાન હઝરત

મુહમદ (સ.અ.સ.) .પર એક જીવંત રૂહાનીય્યતના સ્વરૂપમાં નાઝીલ થયું હતું અને હમણા પણ એ રૂહાનીય્યત તે જ પ્રમાણે પોતાની જગ્યાએ સચવાયેલ અને મૌજૂદ છે કેમકે કુરાનની રૂહ અને રૂહાનીય્યત અવિનાશી – અનંત ચમત્કાર છે. કુરાનના ફરમાન ૪૨:૫૨ મુજબ જ્યારે એ વાત વ્યાજબી અને સત્ય છે કે "કુરાન એ રૂહ અને નૂર છે" તો તેનો અર્થ એમ થયો કે કુરાનની પ્રત્યેક આયત રૂહ અને રૂહાનીય્યતના અર્થ અને મતલબથી ભરપૂર છે.

જે સાહેબોને રૂહાનીય્યતનો કોઇ અનુભવ પ્રાપ્ત નથી થયો તેના માટે કુરાનની રૂહાનીય્યત સમજી લેવી કંઇ સહેલી બાબત તો નથી પણ જો તે વિશ્વાસના ઇલ્મ (ઇલ્મુલ યકીન)ના પ્રકાશમાં જોવા ઇચ્છે તો જોઇ શકે છે અને તે એ છે કે સરવરે અંબિયા સલ્લમઉપર કુરાન નાઝીલ થવાનો જે બનાવ બન્યો હતો તેની સ્થિતિ તથા હકીકતની કલ્પના કરવામાં આવે. જે મુજબ પહેલાં પહેલાં (શરૂ શરૂમાં) હઝરત નબી સાહેબ (સ.અ.સ.)ના પવિત્ર બાતિનમાં ઝીકર અને ઇબાદતના પરિણામે ધીરે ધીરે એક નૂરાની જગત – નૂરાની દુનિયા નજરે પડવા લાગી. કુરાની રૂહાનીય્યતનું આ જગત શરૂઆતમાં બિલ્કુલ ખામોશ – ચૂપ ચિત્રો અને મુંગા – ચૂપ રહેતા દૃશ્યો પર આધારિત હતા. આ આપ માનવંત (સ.અ.સ.)ના દિલની દુનિયા હતી જે આ જાહેરી જગતના પ્રમાણમાં અત્યંત પ્રકાશિત અને ઊચ્ચતમ દરજ્જાની આબાદ – (મંગળકારી – શુભ) અને રૌનકદાર હતી. આ પવિત્ર રૂહની ખામોશ કૃપા – શાંત

મહેરબાની હતી. થોડા અરસા પછી હઝરત નબી સાહેબ (સ.અ.સ.) ઉપર સ્પષ્ટ વહી (વહીએ જલી) નાઝિલ થવા લાગી. અર્થાત સાફ સાફ પ્રકારે પવિત્ર રૂહનું નાઝિલ થવું શરૂ થયું, તે પવિત્ર કુરાન અને જીબ્રિલ અમીનની પવિત્ર રૂહ હતી. એ ઊંચી અને મહાનરૂહ ક્યારેય એક્લી નહોતી બલ્કે તેની સાથે બીજાં ત્રણ મોટાં ફરિશ્તાઓ પણ હતા અને તેમના સિવાય અસંખ્ય નાના ફરિશ્તાઓ અને અગણિત રૂહો પણ સાથે હતી. જેવું આ ફરિશ્તાઓ અને રૂહોનું આપ હઝરત સલ્લમ ઉપર નાઝીલ થવાનું શરૂ થયું કે હઝરત મેહમ્મદ પયગમ્બર (સ.અ.વ.)ના દિલ અને મગજની ખામોશ – શાંત દુનિયા પોતેપોતે જ જ્ઞાન અને હિકમતની વાતો કરવા લાગી ગઇ અને તેના પ્રકાશ અને તેની રૌનકમાં વધુ વધારો થયો અને આપ સાહેબ (સ.અ.સ.) વહી અને રૂહાનીય્યતના ઉચ્ચ દરજ્જાઓથી પસાર થતા ગયા.

કેમકે ખુદાતઆલાની હુઝુરમાં આ મહાન કામ થવાનું નિર્માણ થયેલું હતું (પહેલાંથી મંજૂર હતું) કે નબીએ અકરમ (સ.અ.સ.)ને એક એવું બહોળા અર્થ વાળું (જેમાં સઘળી બાબતો સમાયેલી હોય) પુસ્તક નાઝિલ કરવામાં આવે કે જેમાં ન ફક્ત પાછલા આસ્માની પુસ્તકોની અસલ હકીકતો છુપાયેલી હોય બલ્કે બન્ને જહાન (દુનિયા અને આખરત)ના ભેદ અને અહેવાલની સમજાણ પણ મોજુદ હોય. માટે પયગમ્બરે બરહક (સ.અ.સ.)ને કુરાનના નાઝિલ થવાની જે પરિસ્થિતિનો અનુભવ થતો હતો તે અસંખ્ય અજાયબીઓ અને ચમત્કારોથી ભરેલો

હતો જેનો કોઇ સંપૂર્ણ ચિતાર આપવો અસંભવિત છે સિવાય કે તેના જુદા જુદા અમુક ઉદાહરણો વર્ણવવામાં આવે.

(૧) નબી સાહેબ (સ.અ.સ.)ને નબુવ્વત મળવાથી ખૂબ પહેલાં જ પોતાના પૂર્વજ હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.)ના ધર્મનું માર્ગદર્શન - (હિદાયત) આપવામાં આવ્યું હતું. એ કદાચ તેમના બાળપણનો સમય હતો.

(૨) એ એક હકીકત છે કે હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.) ગારે હીરામાં એક ધ્યાન થવામાં (એતેકાફમાં) જે ઝીક્ર અને ઈબાદત કર્યા કરતા હતા તે કોઇ કલ્પના અથવા બનાવટ - નકલ - ની ઈબાદત તો નહોતી અને ન તો એમ કરવા માટેની વાત અમથી જ તેમના દિલમાં આવી હતી અને ન તો આ કોઇ વ્યકિતગત વહી ઉતરવાની બાબત હોઇ શકે છે, બલ્કે આપ સાહેબ (સ.અ.સ.) તરફથી કરવામાં આવેલી એ રીતસરની ઈબાદત હઝરત ઈબ્રાહીમ (સ.અ.સ.)ના મઝહબના શિક્ષણ મુજબની હતી જેનું માર્ગદર્શન આપને હઝરત અબુ તાલીબે આપ્યું હતું.

(૩) જો એમ ધારી લેવામાં આવે કે ઈસ્લામ મઝહબનું ચાલુ રહેવું - ઈસ્લામ મઝહબની પરંપરા હઝરત ઈબ્રાહીમ (અ.સ.) અને હઝરત મહમ્મદ (અ.સ.)ના વચ્ચે રહેલ અરસા દરમ્યાન તૂટી ગયેલી હતી તો એમ ધારી લેવું એ પવિત્ર કુરાનના આ ફરમાનથી વિરૂદ્ધ હશે જેમાં ફરમાવવામાં આવ્યું છે કે "ખુદાનું નૂર બુઝાવી નથી શકાતું" અને સ્પષ્ટ છે કે ખુદાનું નૂર હાદીએ બરહક યાને સાચો માર્ગદર્શક છે જેની

સાથે સાથે આસમાની પુસ્તકની રૂહ પણ છે અને ઈસ્લામ પણ. તેથી જો કોઈ શખ્સ ઈસ્લામ મઝહબને ખુદાનું નૂર સમજે છે અથવા આસ્માની પુસ્તકને ખુદાનું નૂર માને છે તો તેમ છતાં પણ મઝહબના હાદી (હીદાયત કરનાર) અને પુસ્તકના વારસદારનું હાજર અને મૌજૂદ હોવું જરૂરી થઈ જાય છે અને એમ પણ હકીકતમાં કુરાન, ઈસ્લામ અને હાદી એક જ નૂરના જુદા જુદા નામો છે.

(૪) પવિત્ર કુરાનમાં હઝરત નબી સાહેબ (સ.અ.સ.)ને ફરમાવવામાં આવ્યું છે કે ઈબ્રાહીમ (સ.અ.સ.)ના મઝહબને અનુસરો. એ સિવાય એવા ઘણા ફરમાનો છે જેના થકી એ સચ્ચાઈ સ્પષ્ટ થાય છે કે (દીને હનીફ) સીધો મઝહબ અર્થાત (મિલ્લતે ઈબ્રાહીમી) – ઈબ્રાહીમનો મઝહબ સરવરે કાયનાત હઝરત મહમ્મદ સલ્લમના સમયમાં જીવંત હતો કેમકે હઝરત ઈબ્રાહીમ (અ.સ.)ના વહાલા સુપુત્ર હઝરત ઈસ્માઈલ (અ.સ.)ના પવિત્ર વંશમાં ઈમામતની પરંપરા ચાલતી રહી હતી.

(૫) આ રીતે ખુદા તઆલાની ઈચ્છા અને મરજી મુજબ ઈસ્મે આઝમનું દિલથી રટણ કરવાથી હઝરત મહમ્મદ (સ.અ.સ.) ઉપર રૂહાનીય્યતનો દરવાજો ઉઘડી ગયો અને વહી નાઝીલ થવા લાગી. આપ સાહેબ (સ.અ.સ.)ની એ રૂહાનીય્યતના કેટલાંય સ્વરૂપો અને ઘણી મંઝીલો હતી અને વહીના કારણે જેમકે કુરાનમાં (૪૨ : ૫૧) છે કે રૂહાનીય્યત ત્રણ મોટાં પ્રકારમાં વહેંચાયેલી છે જેમાં સૌથી પહેલે તો સામાન્ય વહી છે, જે જીબ્રાઈલ વિગેરે મારફત થાય છે તે પછી

ખુદાના કલામ (Speech of God) છે જે પર્દાની પાછળથી સંભળાય છે અને છેવટના દરજ્જામાં ખાસ વહી (ઇશારા) છે જે સૌથી મહાન દીદારના મારફત – દીદારના વસીલાથી થાય છે. તે પછી જરૂરી નથી કે આ ક્રમ મુજબ જ ચાલતું રહે. જો કે ખુદાવંદતઆલાનું પર્દાથી બહાર આવીને એટલે કે બેહિજાબ થઇ દીદાર આપવું ફક્ત બે વાર થઇ શકે છે. પરંતુ હા ! (કલમાએ બારી) ખુદાના બોલ અને મોતી – (અમૂલ્ય વિચારો)ની અનંત અને અબદી હિકમતોનો ભંડાર છેવટના દીદારમાં છુપાયેલો છે.

(૬) શરૂઆતમાં હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)ની રૂહાનીય્યત, કુરાનની રૂહાનીય્યતના અર્થમાં, જેમકે અમો કહી ચુક્યા છીએ, એક અતિશય પ્રકાશિત અને અત્યંત તેજસ્વી કાયનાતનું જાહેરમાં આવવાનું હતું, જેના પ્રકાશની લહેરો અમુક વખતે અસહ્ય થઇ જતી હતી રૂહાનીય્યતની તેજસ્વીતાની એ સ્થિતિના સુંદર અને મનમોહક પરંતુ ખામોશ સ્વરૂપો અને ચિત્રોમાં દર પળે એક નવો ફેરફાર (ઇન્કિલાબ) સામે આવતો હતો. ટૂંકમાં એ કે અહીની અજાયબીઓ અને વિચિત્રતાઓ તેના વિશેની ઓળખાણ અને તેના ગુણોના વર્ણનથી પર હતા અર્થાત વર્ણવી ન શકાય તેવા હતા પણ તમોને અચરજ થશે કે આ સઘળું હકીકતમાં કંઇ પણ નહોતું કેમકે તે ફક્ત આ ભૌતિક જગતનું રંગીન અને ખૂબસુરત પ્રતિબીબ હતું જે હુઝુરે અનવર – પવિત્ર પયગંમ્બર સાહેબ (સ.અ.સ.)ના નૂરાનીય્યતના અરીસામાં એટલું બધું – અતી ઘણું પ્રકાશિત અને નયન રમ્ય – જોવા ગમે તેવું – નજરે પડતું હતું. અથવા

તો એમ કહેવું જોઇએ કે તે આપ સાહેબ (સ.અ.સ.)ની રૂહાનીય્યતમાં આ જાહેરી અને ભૌતિક જગતનું ઉદાહરણ હતું.

તે પછી જ્યારે સમય આવ્યો ત્યારે તેમાં જીબ્રાઇલ, મેકાઇલ, અસરાફીલ અને ઇઝરાઇલ ચારે ફરિશ્તાઓ આવી ગયા અને તેઓએ વ્યવહારૂ રીતે – (Practically) પોતપોતાનું કાર્ય કરી બતાવ્યું જેને લીધે અન્ય સઘળાં ફરિશ્તાઓ અને રૂહો હાજર થઇ ગયાં, પછી આપ સાહેબ (સ.અ.સ.)ની વ્યક્તિગત દુનિયામાં પૂરેપૂરી રીતે તફાવત આવી ગયો મતલબ જાણે આપ સાહેબ (સ.અ.સ.)ની રૂહાનીય્યત તેથી પહેલાં દુનિયા હતી હવે આખેરત બની ગઇ કેમકે રૂહાનીય્યતમાં દુનિયા અને આખેરત બન્ને સમાયેલાં છે.

(૭) તે વખતે હઝરત પયગમ્બર (સ.અ.સ.)ના બરકતવંતા વ્યક્તિત્વમાં કુરાનની રૂહ અને રૂહાનીય્યત ફરિશ્તાઓની અને પવિત્ર અવાજો સિવાય ઇશારાઓ, ઉદાહરણો, અને નૂરાની લખાણો સંપૂર્ણ શબ્દોના સ્વરૂપમાં હતા. અથવા એમ કહેવું જોઇએ કે એ સ્થાન ઉપર કુરાન એક એવા સંપૂર્ણ રૂહાની બ્રહ્માંડ (કાયનાત) તરીકે હતું જેની પ્રત્યેક વસ્તુ અકલ અને જાનની દૌલતથી માલામાલ અને જ્ઞાન તથા હિકમતના નૂરથી મુનવ્વર હતી. અર્થાત કાયનાત અને તેમાં મૌજૂદ દરેક વસ્તુની સઘળી હકીકતો પોતે પોતે જ બોલતી જતી હતી અને (આફાક તથા અન્ફુસ) બાહ્ય જગત અને આંતરિક જગતની નીશાનીઓ પોતાને પોતે જ જાહેર કરી દેતી હતી.

અહીં એ જણાવી દેવું જરૂરી છે કે કુરાનની આ રૂહ

અને રૂહાનીય્યત જેનો અહીં ઉલ્લેખ થયો છે. તે હઝરત પયગમ્બર (સ.અ.સ.)ના મુબારક હૃદયમાં તે વખતે પણ જરાંયે વધઘટ વગર મૌજૂદ હતી જ્યારે વહી લખનારના મારફત પવિત્ર કુરાનની સઘળી આયતો લખાવવામાં આવી હતી અર્થાત હઝરત પયગમ્બર (સ.અ.સ.) ઉપર વહીઓ નાઝિલ થવાનું શરૂ થયું તે પહેલાથી કુરાન આપના હૃદયમાં મૌજુદ હતું. કેમકે ખુદાતઆલાએ પોતાના રસુલ (સ.અ.સ.)ને ઝીકરનો લકબ (Title) આપીને યાદ કર્યો છે (૬૫:૧૦-૧૧) અને ફરમાવેલું છે કે પયગમ્બર ભૂલી જતો નથી (૮૭:૬) એ જાણી લેવું જોઈએ કે 'ઝીકર' એ કુરાનનું પણ નામ છે. (૧૫:૯) અને ઝીકરનો હેતુ ખુદાની યાદ પણ છે પછી તે ઈસ્મે આઝમ વડે હોય અથવા કોઈ અન્ય પ્રકારે હોય. આમ આ દરેક અર્થોમાં પવિત્ર રસૂલ (સ.અ.સ.) ઝીકર અને ઝીકર જ હતા. અર્થાત તેઓ કુરાને નાતિક (બોલતું કુરાન) પણ હતા. કુરાનની જીવંત રૂહ અને બોલતી રૂહાનીય્યત આપ સાહેબ (સ.અ.સ.)માં જ આવી હતી અને હંમેશના માટે આપના બરકતવંતા વ્યક્તિત્ત્વમાં કાયમ અને બાકી હતી. તેઓ સાહેબ (સ.અ.સ.) એક એવો જીવંત ઝીકરે ઈલાહી પણ હતા કે જે પોતે પોતે જ મોઅજીઝાની સ્થિતિમાં વણથંભ્યે – રોકાયા વગર – બોલતો રહે છે અને આપ સાહેબ (સ.અ.સ.) એક એવી અમૂલ્ય અને બેનમૂન યાદ હતા કે તેઓ કોઈ વસ્તુ કે કોઈ વાત એટલે સુધી કે કુરાનની પણ કોઈ વાત ભૂલતા નહોતા.

(૮) આથી પહેલાં પણ અમો વર્ણવી ચૂક્યા છીએ

કે કુરાનની રૂહાનીય્યત એટલે કે હઝરત પયગમ્બર (સ.અ.સ.)ની રૂહાનીય્યતના ત્રણ મોટાં દરજ્જાઓમાંથી પ્રાથમિક દરજ્જામાં પવિત્ર રૂહની મારફત વહી આવતી હતી, બીજો દરજ્જો હુઝુર અકરમ (સ.અ.સ.)ની રૂહાનીયતની મેઅરાજથી સંબંધિત હતો જેમાં ખુદાવંદ તબારક વ તઆલા આપ સાહેબથી પર્દાની પાછળથી વાતચિત કરતા હતા. ત્રીજો દરજ્જો એ છે જેમાં ખુદાવંદ આલમીને રસૂલે પાક (સ.અ.સ.)ને કોઇ પણ પર્દા વગર ખાસ પ્રકારની વહી ફરમાવી અને એ રૂહાનીય્યતનો છેલ્લો દરજ્જો છે. આમ કુરાન શરીફમાં એ આ ત્રણે પ્રકાર – ત્રણે દરજ્જાઓના ફરમાનોનો સમાવેશ થયેલો છે એટલે કે આ આસમાની પુસ્તકમાં એ આયાત પણ છે કે જે જીબ્રાઇલ ફરિશ્તા મારફત નાઝિલ થઇ, એ હુકમો પણ કે જે ખુદાવંદ આલમીને પર્દા પાછળ રહીને સાદર ફરમાવ્યા અને એ હિકમતો પણ છે જે પર્દા વગર – સીધી – અને ખાસ પ્રકારની વહી દ્વારા આપવામાં આવી.

(૯)કુરાનમાં ફરમાવવામાં આવ્યું છે કે ખુદાના રસૂલ નૂર છે (૬૧:૮) વળી ફરમાવેલું છે કે આપ સાહેબ (સ.અ.સ.) પ્રકાશિત દીવો છે (૩૩:૪૬), આ પ્રમાણે સ્પષ્ટ છે કે આપની એ રોશની કોઇ ભૌતિક કે દુન્યવી પ્રકારની તો નહોતી, બલ્કે અક્કલ અને રૂહ તથા દિન અને ઇમાનની રોશની હતી અને તે કુરાનની નુરાનીય્યત હતી. કેમકે પયગમ્બરે ખુદા નૂર અને પ્રકાશિત દીવો હતા. એટલે કે આપ (સ.અ.સ.) એવું નૂર હતા કે જેનો સંબંધ સીધી અને આડકતરી રીતે રૂહાનીય્યતના જ્ઞાનથી

હતો જેનાથી ઇન્સાનીય્યતની દુનિયા કોઇ પાણ સમયે પ્રકાશિત અને ચમકદાર થઇ શકે છે કે જેણે મોમીનોના દિલોને મુનવ્વર કરી દીધા હતાં. કેમકે તે નૂર અક્કલ–બુદ્ધિમય, રૂહાની અને બાતિની પ્રકારનું હતું માટે તેને દિલોની અંદર જ ઉદય થવાનું – ઉગવાનું હતું, બુદ્ધિ (અક્કલ) અને જ્ઞાનને પ્રકાશિત કરી દેવું હતું અને અજ્ઞાનતા તથા નાદાનીના અંધારાને દૂર કરી દેવું હતું. તો એ હકીકત છે કે ખુદા તઆલાની આજ્ઞા મુજબ પયગમ્બર સાહેબ (સ.અ.સ.)એ પવિત્ર કુરાનનું નૂર ધીરે ધીરે પોતાના પવિત્ર વ્યક્તિત્ત્વમાંથી પોતાના વારસ – પોતાના વસીમાં બદલી કરી દીધું જેનો ઇશારો સુરહ હદીદ (૫૭)ની આયત નંબર ૨૮માં છે.

(૧૦) જો કોઇ શખ્સ એમ વિચારતો હોય કે નૂરનો અર્થ ફક્ત એ જ છે કે તેના વડે જાહેરી રીતે દીની હીદાયતનો પ્રકાશ ફેલાવવામાં આવે છે અને તેનો રૂહ અને બાતિનથી કોઇ સંબંધ નથી તો એવા શખ્સનો એ વિચાર પવિત્ર કુરાનથી વિરૂદ્ધ છે, કેમકે કુરાન શરીફમાં જ્યાં જ્યાં નૂર, પ્રકાશ, દીવા, ફાનસ જેવા શબ્દો આવ્યાં છે ત્યાં તેનો એવો અર્થ હરગીઝ નથી, અને તેથી જ ફરમાવેલું છે કે "ખુદા તઆલા આકાશ અને ધરતીનું નૂર છે" (૨૪:૩૫) જેથી સ્પષ્ટ છે કે પવિત્ર ખુદાવંદના જે ગુણને નૂર કહેવામાં આવ્યું છે તે કોઇ ભૌતિક પ્રકાશ તો નથી જ અને ન તો તે કંઇ જાહેરી હિદાયત છે બલ્કે ત તો કાયંનાતની વ્યવસ્થા તથા મૌજુદ – નજરે પડતી વસ્તુઓની બાતિની અને રૂહાની હિદાયતનો પ્રકાશ છે.

આ સિવાય જે હિકમત ભરેલી આયાતમાં હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)ને સિરાજે મુનિર એટલેકે પ્રકાશિત દીવો એ નામથી યાદ કરવામાં આવે છે, તેમાં આપ માનવંત (સ.અ.સ.)ની રિસાલત અને નબૂવ્વતના સઘળા જાહેરી કાર્યોના ઉલ્લેખ પછી તેવણ સાહેબના પ્રકાશિત દીવો હોવા બાબતનો ઉલ્લેખ થયો છે, જેમકે ફરમાવેલું છે કે "અય રસૂલ ખચિત – ચોક્કસપણે – અમોએ તમોને સાક્ષી અને ખુશખબરી દેનાર તથા ડરાવનાર તથા ખુદાની તરફ તેના હુકમથી બોલાવનાર અને પ્રકાશિત દીવાની હેસિયતથી મોકલ્યો છે. (૩૩ : ૪૬).

મજકૂર કુરાનની આયાતમાં આવેલ શબ્દોના ક્રમ થકી સ્પષ્ટ થાય છે કે રીસાલત, સાક્ષી આપવી, ખુશખબરી દેવી, ચેતવવા અને (ખુદા તરફનું) આમંત્રણ દેવું તેમાં તેવણ સાહેબ (સ.અ.સ.)નું જાહેરી કાર્ય પૂરૂં થઇ જાય છે તેના પછી આપ નામદારનો પ્રકાશિત દીવા તરીકેનો હેતુ બાકી રહે છે જેનો અર્થ એ થયો કે આપ પવિત્ર સાહેબ (સ.અ.સ.) પોતાના પવિત્ર નૂરથી કે જેમાં કુરાનની રૂહાનીય્યત હતી, મોમીનોના દીલોને પ્રકાશિત કરી દેનાર હતા અને જેમ એક દીવાથી બીજો દીવો પ્રકાશિત કરવામાં આવે છે તે જ રીતે આ નૂર ખુદાના રસૂલના પવિત્ર બાતિનથી બરહક ઈમામના બરકતવંતા વ્યક્તિત્વમાં બદલી થનાર હતું. જેમકે "નૂરન અલા નૂર"ની હિકમતથી સ્પષ્ટ છે કે નૂર સદાય એક પાક શખ્સીયત પછી બીજી પાક શખ્સીયતમાં બદલી થતું રહે છે.

(૧૧) કુરાને શરીફની સુરહ ૩ આયાત ૭માં "રાસીખુન

ફીલ ઇલ્મ"નો ઉલ્લેખ છે જેનો અર્થ થાય છે એવા માનવંત સાહેબો જેઓ ઇલ્મ – જ્ઞાનમાં ઊંડા અને મજબૂત છે. હવે આ આયાતને દ્રષ્ટિ સમક્ષ રાખીને પૂછવું પડે છે કે કુરાનની ભાષા મુજબ (કુરાનની વાત પ્રમાણે) શું હઝરત મહમ્મદ પયગમ્બર (સ.અ.સ.) જ્ઞાનમાં ઊંડા અને મજબૂત હતા કે નહી ? તો તનો જવાબ ચોક્કસપણે હકારમાં મળશે પછી સ્પષ્ટ છે કે 'રાસીખુન'ના શબ્દમાં (જે રાસીખનું બહુવચન છે) આપ હઝરત સલ્લમ એકલા નથી આવતા બલ્કે આપના સિવાય અન્ય માનવંત સાહેબો પણ છે, અને તે હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)નો પવિત્ર અહેલે બૈત (કુટુંબના – ઘરના લોકો)માંથી છે. વળી આ આયાત થકી એ પણ સ્પષ્ટ થાય છે કે જ્ઞાનમાંની આ મજબૂતી – આ ઊંડાણ દુન્યવી હરગીઝ નથી બલ્કે તે તો કુરાનની રૂહાનીય્યતના જ્ઞાનની મજબૂતી છે જેનું મૂળ – ઉદ્દ્ભવ સ્થાન આપ સાહેબ યાને કે પવિત્ર પયગમ્બર (સ.અ.સ.) જ હતા. એ પરથી એમ જાણાય છે કે દુનિયા વાળાઓ સમજે કે ન સમજે પાણ દરેક સંજોગોમાં, દરેક સ્થિતિમાં નબીનું નૂર (નૂરે નબી) પોતાનું કામ કર્યે રાખતું હતું એટલે કે હઝરત નબી સાહેબ (સ.અ.સ.) થકી – તેમના મારફત – કુરાની રૂહાનીય્યતનો સંપૂર્ણ પ્રકાશ એહલે બૈતના લોકોના બાતિનમાં પહોંચી ચૂકી હતી.

(૧૨) ખુદાનું ફરમાન છે કે "કુરાનને પવિત્ર લોકો સિવાય કોઇ અડી નથી શકતું (૫૬ : ૭૯) જેનો એવો અર્થ હરગીઝ નથી કે જાહેરી હાલતમાં જો કોઇ અપવિત્ર શખ્સ

હોય – નાપાક હોય – તે મજકૂર કુરાન શરીફ (પુસ્તક)ને હાથ નથી લગાડી શકતો. પરંતુ આનો અર્થ તો એમ છે કે સિવાય કે એ લોકો એ માનવંત અને પવિત્ર સાહેબો કે જેમનું બાતિન પાક છે, અન્ય કોઇ શખ્સ કુરાનની રૂહાનીય્યત અને નૂરાનીય્યત તથા તાવીલી હિકમત સુધી પહોચી નથી શકતો. આનાથી એ બાબત સાબિત થાય છે કે મહાન અહેલે બૈત (તે પવિત્ર ઘરવાળાઓ) અલૈહિમુસ્સલામનું બાતિન કુરાનના નૂરના પ્રકાશથી ભરેલું – ઝગમગતું થઇ ચૂક્યું હતું. કેમકે કુરાન પોતે જ આ સચ્ચાઈની સાક્ષી આપે છે કે જેમને પવિત્ર આયાતો મુજબ ખુદા તઆલાએ પાક અને પવિત્ર કરી દીધા હતા અને સઘળા પવિત્ર ઈમામો અહેલે બૈતમાંથી છે. (૩૩:૩૩).

(૧૩) કુરાને પાકથી એ વાત સ્પષ્ટ છે કે અલ્લાહતઆલાએ જે નૂર માનવીઓના માર્ગદર્શન અને હિદાયતના માટે નાઝિલ ફરમાવ્યું છે તેને નકારનારા – નહી માનનારા લોકો બુઝાવી નથી શકતા (૯:૩૨, ૬૧:૮) આનો એવો અર્થ થયો કે તે હિદાયતનું નૂર કે જે હઝરત પયગમ્બર (સ.અ.સ.)માં કુરાનની રૂહાનીય્યતની હેસિયતથી મૌજુદ હતું તે આપ સાહેબના પછી તદ્દન એ જ રૂહાનીય્યતના ચળકાટ અને પ્રકાશિતતા સહીત વંશપરંપરાગત ઈમામતમાં ચાલતું રહ્યું છે.

(૧૪) રબ્બુલ ઇઝઝતનું ફરમાન છે કે કુરાન અમ્ર – હુકમ –ના જગતથી – (ખુદાના તરફથી) એક જીવંત રૂહ અને એક સંપૂર્ણ નૂરના સ્વરૂપે હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)ના હૃદય (દીલ) ઉપર ઉતારવામાં આવ્યું હતું અને

સાથે સાથે જ ફરમાવવામાં આવ્યું છે કે તેવણ નામદાર - પયગમ્બર (સ.અ.સ.) સીરાતે મુસ્તિકીમ - સીધા રસ્તાની હિદાયત કરે છે (૪૨:૫૨), હવે કોઇ એવી માન્યતા - કોઇ એવા પ્રકારનો વિશ્વાસ વ્યાજબી નથી જેમાં એમ કહેવામાં આવે છે કે ખુદાવંદતઆલાએ કુરાનની રૂહ અને નૂરને ઉપાડી લીધા છે, અને એમ કહેવું જ સચ્ચાઇ છે કે તે કુરાની રૂહ અને નૂર ખુદાના રસૂલ (સ.અ.સ.) પછી પવિત્ર ઈમામોના પાક વંશ પરંપરાગતમાં જીવંત અને મૌજૂદ છે કે જેથી ખુદાની હિદાયત કરવાની ગોઠવણમાં - રીતમાં - કોઇ ઓછપ ન આવે.

(૧૫) કુરાન મજીદમાં છે કે ખુદાવંદતઆલા પોતાની ગેબની વાતો - ગુપ્ત વાતો એટલે કે રહસ્યોની દુનિયા - અદ્રશ્ય જગત વિષે કોઇને પણ જાણ નથી કરતો સિવાય કે કોઇ પસંદગી પામેલ રસૂલના (૭૨:૨૬ અને ૨૭) આના થકી એ સ્પષ્ટ છે કે આપ સાહેબ - પયગમ્બરે ખુદા (સ.અ.સ.) ઉપર કુરાનની જે રૂહાનિય્યત નાઝિલ થઇ હતી તે જ આપ સાહેબને અદ્રષ્ય જગત - રહસ્યોની દુનિયા વિષે જાણકાર કરવાની બાબત હતી. અર્થાત આપને તે ગુપ્ત વાતોથી જાણકાર કરવામાં આવ્યાં હતા, અને તે જ તેઓ નામદારની વ્યક્તિગત રૂહાનીય્યતની દુનિયાનો અનુભવ હતો. આ પરથી જણાય છે કે આપ માનવંત (સ.અ.સ.)ના સાચા વારસદાર - હકીકી જાંનશીનને પણ એક મરતબો પ્રાપ્ત છે કેમકે રસૂલ (સ.અ.સ.)ના વારસદારમાં કુરાનના નૂરનું બદલી થવું એનો આ જ અર્થ છે.

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science

(૧૬) એ એક અકબંધ – સર્વ માન્ય હકીકત છે કે ખુદાવંદતઆલાની હુઝુરમાં અને તેની નઝદિક પહોંચવાને માટે ફક્ત એક જ રસ્તો નક્કી થયેલ છે અને તે છે સિરાતે મુસ્તકીમ – સીધો રસ્તો, ખુદાના રસુલે એ જ રસ્તા પર ચાલવા માટે માર્ગદર્શન આપ્યું હતું અને કુરાનની રૂહાનીય્યત તથા નૂરાનીય્યતની જુદી જુદી મંઝીલો પણ એ જ સિરાતે મુસ્તકીમ પર આવેલી છે. માટે પયગમ્બરે હક (સ.અ.સ.)ના આ માર્ગદર્શનના પરિણામે જે (કામિલ પુરુષ) સંપૂર્ણ જ્ઞાન ધરાવનાર માનવી તથા હકીકી મોમીનોને ખુદાની ખાસ નઝદિકી પ્રાપ્ત થઇ છે. તેઓએ જરૂર કુરાને પાકની રૂહાનીય્યત અને નૂરાનીય્યત (નું અવલોકન)નો અનુભવ કર્યો છે, કેમકે કુરાનના રૂહ તથા નૂર સિરાતે મુસ્તકીમ – સીધા રસ્તાથી હટીને નથી. અર્થાત એ સીધા રસ્તા ઉપર જ છે.

(૧૭) કુરાન મજીદની કેળવણીમાં એ પણ છે કે અમુક જણ હૃદયની આંખોથી આંધળા હોય છે (૨૨:૪૬). જરા વિચાર કરો કે શું આનો અર્થ એમ નથી થતો કે અમુક લોકો હૃદયની આંખોથી જોઇ પણ શકે છે ? તો શું તેઓ હૃદયની આંખોથી આ જાહેરી – ભૌતિક જગતને જુએ છે ? ના ના તેઓ તો બાતીનના જગતને જુએ છે જે રૂહાનીય્યતનું જગત છે અને તે જ કુરાનની રૂહાનીય્યત પણ છે.

(૧૮) એ સિવાય કોઇ ઇલાજ નથી – કોઇ રસ્તો નથી – કે પયગમ્બર (સ.અ.સ.)ની મારફત (ઓળખાણ) ખુદાની મારફત કરતાં પહેલે થાય, ઇમામ (અ.સ.)ની મારફત

પયગમ્બરની શનાખ્ત (ઓળખાણ)થી પહેલે હોવી જોઇએ અને સૌથી પહેલે ઇન્સાનની – માનવીની પોતાની ઓળખાણ જોઇએ, કેમકે મારફતના તબક્કાઓ જ એવા છે અને શનાખ્ત સંબંધે કબૂલાત કરવાનો ક્રમ પણ એવો જ છે, તેમ છતાં એ પણ જાણવું જરૂરી છે કે આ સઘળી ઓળખાણો એકબીજામાં મળીને છે, અલગ અલગ નથી. મારફત એ ઓળખાણનું નામ છે અને વગર જોયે – વગર નિહાળ્યે કોઇ ઓળખાણ નથી, જેનાથી એ સત્ય સ્પષ્ટ થયું કે જે માનવીને – જે શખ્સને આરીફ (એટલે કે જેને મારફત પ્રાપ્ત થઇ હોય તે) કહેવામો આવે છે, તે જો ખરેખર આરીફ છે તો તેના હૃદયની આંખો ખુલી જાય છે. તે પોતાની રૂહ અને પોતાની રૂહાનીય્યતની હેસિયતથી – પોતાની રૂહાનીય્યત મુજબ જ કુરાનની રૂહાનીય્યતની દુનિયાનું અવલોકન કરે છે અને તેની સચ્ચાઇ અને જ્ઞાનના પ્રકાશમાં ઉપર જણાવેલ ચારે દરજ્જાની મારફત પ્રાપ્ત કરે છે, કેમકે કુરાનની મારફત વગર કોઇ મારફત નથી.

(૧૯) ઉપર જણાવેલ હકીકતથી એ જાણવા મળે છે કે ખુદાતઆલાના ગુણોની તજલ્લીના – તેના પ્રકાશના અનુભવ વગર કોઇ મારફત પ્રાપ્ત નથી થતી અને એ જ તજલ્લીઓમાં કુરાનની રૂહ તથા નૂર મૌજૂદ છે, બલ્કે એ તજલ્લીઓ પોતે જ કુરાનની રૂહાનીય્યત અને નૂરાનીય્યત છે, કેમકે કુરાનની રૂહાનીય્યત ખુદાની તજલ્લીઓથી હરગીઝ હરગીઝ જુદી નથી.

(૨૦) ઘણા લોકો માને છે કે શનાખ્ત અને મારફતનો અર્થ ખુદાનો દીદાર છે, પણ ઘણા લોકો આવી કલ્પનામાં એ

વાત ભૂલી જાય છે કે ખુદાવંદતઆલાના પવિત્ર દીદારની શોધમાં અલ્લાહની સૌથી મહાન નિશાનીઓનો પણ અનુભવ થાય છે. જેમકે અર્શ અને કુરસી અથવા લોહ અને કલમ, અઝલ અને અબદ (આરંભ પહેલાની અને પછીની અનંતતા)ની જરૂરી હકીકતો, (મકાન અને લામકાન) કબ્જો ધરાવી શકાય એવી જગ્યા અને અવકાશ, (ઝમાન અને લાઝમાન) સમય – કાળ અને તેથી બહાર નિકળવું તે, આ કાયનાતનું બાકી રહેવું અને ફનાહ થવું, બહેશ્ત અને દોઝખ, (હશ્ર અને નશ્ર) સમૂહમાં મળવું અને વિખેરાઈ જવું રૂહો અને મલાયકો વિગેરે. આ પ્રમાણે કુરાનની રૂહની ઓળખાણમાં એ સઘળી મારફતો સમાયેલી છે જેમકે ફરમાવેલું છે કે "વકુલ્લ શૈઈન અહસૈનાહુ કિતાબ" (૭૮:૨૯). અને અમોએ દરેક વસ્તુને એક પુસ્તકમાં સમાવી દીધાં છે. એ જ પુસ્તક મનુષ્યના કાર્યોની નોંધપોથી પણ છે. કામિલ ઈન્સાન (સંપૂર્ણ જ્ઞાન ધરાવનાર મનુષ્ય)નું નૂર પણ અને કુરાનની રૂહાનીય્યત પણ જેમાં સર્વ કાંઈ છે.

(૨૧) માનવી જ્યારે નિદ્રાવસ્થામાં હોય છે ત્યારે તે સ્વપ્ન જુએ છે અને સ્વપ્નાઓના જુદા જુદા દરજ્જાઓ હોય છે અને એવા સ્વપ્નાઓ પણ હોય છે જે કોઈ ઉમદા અને રિતસરની કહાણીઓના જેવા હોય છે. અમુક સ્વપ્નાઓ અસ્પષ્ટ – કાળાં અને દુ:ખ દેનારા હોય છે અને અમુક સ્પષ્ટ – પ્રકાશિત અને સુખ ભરેલાં હોય છે. હવે વિચાર કરો – ધારો કે એક ખુદા સુધી પહોંચેલ બુઝુર્ગને અતિશય પ્રકાશમાં એક મહાન એવું સ્વપ્ન દેખાયું. તે એટલું અસરકારક

અને આકર્ષક હતું કે તેની કલ્પના હૃદય અને મગજ ઉપરથી હટી નહોતી શકતી. પછી તેણે પોતાના એ સ્વપ્નાને અતિશય વ્યાજબી રીતે અને સુયોગ્ય શબ્દો વડે પુસ્તકનો આકાર આપ્યો તો શું હવે તે બુઝુર્ગ માનવીના હૃદય અને મગજમાં સ્વપ્નના એ બનાવની અસરો અને કલ્પનાઓ કાયમ હશે કે પછી પુસ્તક મારફત તેને બહાર પાડવાને લીધે તે સઘળી બાબતો ત્યાંથી (હૃદય-મગજમાંથી) અંત પામી ગઇ - ખાલી થઇ ગઇ ? જો એનો જવાબ એમ છે કે તે કલ્પનાની સ્થિતિ કે જે પેલા નૂરાની સ્વપ્ન થકી ઉદ્‌ભવી હતી. કોઇ પણ ઓછપ વગર હજી પણ જેમની તેમ કાયમ છે. તો આ દાખલા ઉપરથી - આ બાબત ઉપર વિચાર કરવાના પરિણામે એ પણ માનવું પડશે કે પવિત્ર કુરાન જાહેરી લખાણમાં આવ્યા પછી પણ સંપૂર્ણ નૂરના સ્વરૂપમાં હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)ના બાતિનમાં મૌજૂદ હતું. એટલું જ નહી પણ એ વિશ્વાસ રાખવો જોઇએ કે સ્વપ્નની આ મામુલી ઉપમા કરતા પવિત્ર કુરાનની જીવંત રૂહાનિય્યત અતિશય મહાન અને ખૂબ જ ઊચ્ચ છે.

(૨૨) ખુદાતઆલાએ પોતાની અતી ઘણી રહેમત વડે જે ભૌતિક જ્ઞાન અને હિકમત અર્પણ કરી દીધા હતા તેની મદદ વડે આજના માનવીએ ટેલિવિઝન વિગેરેની એક અજબ-ગજબ જેવી દુનિયા બનાવી છે જેમાં ભૂતકાળના પ્રસંગો વર્તમાનની જેમ સામે આવે છે. જ્યારે ભૌતિક જ્ઞાન અને હિકમત (સાયન્સ-વિજ્ઞાન)ના પરિણામે આ હાલ છે તો તે ઇલ્મે લદુની અને હિકમતે બાલગાની શું સ્થિતિ હશે કે જે ખુદાતઆલાએ

પોતાના વહાલા-નબી સાહેબ (સ.અ.સ.)ને અર્પણ કરેલ હતાં. પછી સવાલ થાય છે કે શું એ શક્ય નથી કે એ ખુદાઇ જ્ઞાન અને હિકમતની મદદથી ખુદાના રસૂલ મોમીનોના દીલોમાં એક એવી પ્રકાશિત દુનિયા પૈદા કરે કે જેમાં રૂહાનીય્યત જ રૂહનનીય્યત હોય. જો તમો કહો કે કેમ નહી, (અર્થાત કે હા એમ શક્ય છે) તો એવી રૂહાનીય્યત કુરાનની જ રૂહાનીય્યત હશે.

(૨૩) સુરહ મુહમ્મદ (૪૭:૬)માં બહેશ્તની મારફતનો ઉલ્લેખ આવેલો છે અને તેનો હેતુ એ છે કે આ દુનિયામાં જન્નતની ઓળખાણ હોવી જોઇએ, કે જેથી ક્યામતના દિવસે મોમિન પોતાની ઓળખેલી જન્નતમાં દાખલ થઇ શકે. પણ જેમકે પહેલે જણાવવામાં આવ્યું છે તેમ ઓળખાણ અનુભવ વગર અશક્ય છે, જેનાથી એ સ્પષ્ટ થાય છે કે જન્નતનો અનુભવ જરૂરી છે પણ યાદ રહે કે કુરાનની રૂહાનીય્યતથી આ જન્નત જુદી નથી કેમકે કુરાનની રૂહાનીય્યતમાં સઘળી રૂહાની ન્યામતો મૌજૂદ છે અને જન્નતનો હેતુ પણ એ જ છે અને એ જ જન્નતની રૂહાનીય્યત છે.

(૨૪) તાવિલ : આ શબ્દનો અર્થ થાય છે કે કોઇ પણ વસ્તુને તેના અવ્વલ તરફ (પ્રાથમિકતા તરફ) પાછી વળાવવી, કોઇ ઉપમાને તે જે વસ્તુ ઉપરથી અપાયેલી હોય તેના તરફ – હકીકત તરફ – લઇ જવી . રૂપક અને દ્રષ્ટાંતો વડે અસલનો ખુલાસો અને અર્થ જાહેર કરવાં જેમકે સુરહ યુસુફમાં “ગાય”ની તાવિલ છે ખાવાપીવાવાળો મનુષ્યનો

નફસ – માનવીનું મન. કેમકે એવા માનવીના નફસની ઉપમા કે જેની ઉપર આવનારા સાત વર્ષો શાંતિ અને આરામથી પસાર થઇ જનારા હતા, સાત જાડી ગાય વડે આપી છે અને તે જ નફસ ઉપર તે પછીના સાત વર્ષોમાં સખત દૂકાળ થકી જે કંઇ દુઃખો પડનારા હતા તેની ઉપમા સાત દૂબળી ગાયો વડે આપી છે. આ કિસ્સો મિસરના બાદશાહના સ્વપ્ન સાથે સંબંધિત છે. જેની તાવિલ જગતભરનો કોઇ પણ જ્ઞાની માણસ નહોતો કરી શક્તો સિવાય હઝરત યુસુફ અલૈહિસ્સલામના કે જેઓ એક સંપૂર્ણ – (જ્ઞાન ધરાવનાર) મનુષ્ય અને સ્થપાયેલ ઈમામ (ઈમામે મુસ્તવદા) હતા. જેમને ખુદાતઆલાએ પોતાના પાસેથી તાવિલનું જ્ઞાન અર્પણ કરેલ હતું. એ જ સ્થિતિ કુરાનની તાવિલની પણ છે કે તેની સાચી તાવિલનું જ્ઞાન "રાસીખુન ફીલ ઈલ્મ"ના સિવાય અન્ય કોઇ પાસે નથી (૩ : ૭). કોઇ નથી જાણતું, અને સર્વ પ્રથમ રાસીખુન ફીલ ઇલ્મ હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.) છે અને આપ સાહેબની પછી આપના વારસદાર છે. અર્થાત હ. અલી મુર્તઝા (અ.સ.) અને પછી ઔલાદે અલી થકી આવનારા ઈમામો છે.

સાચી તાવિલ – (અમલી તાવિલ)નો હેતુ છે રૂહાનીય્યત, કે જેનો ઉલ્લેખ આ પુસ્તિકામાં વારંવાર આવ્યો છે. અને (કિતાબી તાવિલ) પુસ્તકીય તાવિલ એ છે કે જે પવિત્ર ઈમામો અલૈહિમુસ્સલામ અને તેમની મર્યાદામાં રહેનારાઓના મારફત જાહેરી રીતે લખાણના સ્વરૂપે આવી ચૂકી હોય.

(૨૫) એ સત્ય છે કે એક સામાન્ય માનવી

રૂહાનીય્યતના પ્રકાશિત જગતથી ગાફિલ અને અજાણ રહે છે પણ તેમ છતાં એ જરૂર છે કે તેના હૃદય અને મગજમાં કલ્પનાઓનું એક વિશાળ જગત મૌજૂદ છે જેમાં ન ફક્ત તેના ગૂજરી ચૂકેલ દરેક અનુભવો, પ્રસંગો અને પરિસ્થિતિઓ સમાયેલાં છે. બલ્કે પૂરી કાયનાતની કલ્પના પણ મર્યાદિત રીતે રહેલી છે જેમાં દરેક વસ્તુ મૌજૂદ છે. દાખલા તરીકે આકાશ, સૂર્ય, ચંદ્ર, તારલાઓ, હવા, વાદળાંઓ, દિવસ, રાત, ધરતિ, પર્વતો, જંગલ, રણપ્રદેશો, દરિયા, બાગ બગિચા, ખેતર, મકાન, શહેર, પ્રકાર પ્રકારના માનવી, જાનવરો, હરવા ફરવાના પ્રસંગો અને અસંખ્ય વાતો તથા બે શુમાર કાર્યોની નોંધ. માટે તે જે બાબતની કલ્પના કરે છે તેની એક ઝાંખી રૂપરેખા અને મામુલી એવી ઉપમા – છબી સામે આવે છે. અમુક વસ્તુઓ કે જેની સાથે તેને વધુ પ્રેમ છે તે એ જ રીતે વારંવાર આપ મેળે જ તેના મગજની સપાટી ઉપર ઊભરાતી રહે છે. અમુક વસ્તુઓ એવી છે કે જેની તરફ તેણે ખૂબ ઓછુ ધ્યાન આપ્યું હતું અને જેથી તે એ વસ્તુઓને ભૂલાવી ચૂક્યો છે તેમ છતાં ધ્યાનપૂર્વક ફરીથી યાદ કરવાથી તે પાછી આવી શકે છે.

હવે તમો પોતે જ વિચારીને અંદાજો કરો કે જો એક સામાન્ય – મામૂલી માનવીના બાતીનમાં સમગ્ર દુનિયાની વસ્તુઓ એ રીતે રહેલી છે કે પ્રકાશની ઓછપને લીધે ઘણી મુશ્કેલીથી નજરે પડે છે. તો પછી શું એ શક્ય નથી કે એક સંપૂર્ણ જ્ઞાન સંપન્ન માનવીની પાક – પવિત્ર રૂહમાં વ્યાજબી પ્રમાણમાં પ્રકાશ હોય અને તેમાં દરેક વસ્તુ સ્પષ્ટ નજરે

પડે ? તો એ જાણી લેવું જોઇએ કે આ કુરાનની રૂહાનીય્યત તરફ એક સ્પષ્ટ ઇશારો છે અને તેનું એક ઉમદા ઉદાહરણ છે.

(૨૬) કુરાને શરીફની સુરહ (૪૧:૫૩)માં ફરમાવેલું છે કે અલ્લાહતઆલાની આયાત એટલે કે નિશાનીઓ આફાક અર્થાત ભૌતિક જગતમાં પણ છે અને અન્ફુસ અર્થાત રૂહાની જગતમાં પણ છે. ખુદાના આ અતિ મહાન કુરાનનો હેતુ એ છે કે ખુદાની ઓળખ અને મઝહબ – દિનની ઓળખના માટે ભૌતિક અને રૂહાની જગતની એ સચ્ચાઇઓ તથા સાબિતીઓ – એ સાક્ષિઓ – એ નિશાનીઓ વડે કામ લેવામાં આવે. દાખલા તરીકે કાયનાતના એ પુસ્તકથી આપાણને એ જાણી લેવું છે કે પયગમ્બર સલ્લલ્લાહુ અલૈહી વ આલેહી વસલ્લમ બાતિની રીતે પોતાના વારસદારો – જાંનશીન – ઉપર કુરાનની રૂહાનીય્યતના નૂરનું પ્રતિબિંબ – પ્રકાશ નાખી શકે છે કે નહિ ? જો તે શક્ય છે તો તે કઇ રીતે ? તો પછી એ હકીકતના માટે જ્યારે આપાણે ભૌતિક જાહેરી પ્રકાશના મૂળ તરફ વિચારીએ કે ધ્યાન આપીએ છીએ તો જણાય છે કે સૂર્ય હંમેશા અન્ય વસ્તુઓની સાથે સાથે ચંદ્ર ઉપર પણ પ્રકાશ નાખે છે પાણ રાત્રીના સમયે જ્યારે સૂર્ય સામે મૌજૂદ નથી હોતો ત્યારે, તે વેળાએ ચંદ્ર સિવાય અન્ય કોઇ વસ્તુ સૂર્યની પ્રતિનિધિત્વ નથી કરી શકતી. અર્થાત સૂર્યના ઠેકાણે ચંદ્ર પ્રકાશ આપે છે અને તારલાઓનો પ્રકાશ ઝાંખો હોય છે. આનો અર્થ એમ થયો કે હંમેશાની જેમ હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)ના ઝમાનામાં પણ હુદ્દે-દીન હતાં કે જેમની ઉપમા

ચંદ્ર તથા દરેક દરજ્જાના તારલાઓ છે. આ ઉદાહરણથી સ્પષ્ટ થાય છે કે હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.) દિન—મઝહબના સૂર્ય હતાં, અસાસ ચંદ્ર હતાં અને અન્ય જે હુદુદ હતા તેઓ તારલા હતા અને દિનના આ ચંદ્ર—તારલાંઓ તે સમયથી પ્રકાશિત થયા જ્યારથી કે દિનનો સૂર્ય ઉદય થયો હતો.

એક સવાલ છે કે રાત્રિના સમયે ચંદ્ર સૂર્યથી પ્રકાશ મેળવીને જમીનવાળાઓ – દુનિયામાં રહેનારાઓને પહોંચાડી દે છે પણ આકાશ તે કામ નથી કરી શકતો તેનું શું કારણ છે ? તો તેનો જવાબ એ છે કે આકાશ બારિક – પાતળું શરીર ધરાવે છે માટે તે ઉપર પ્રકાશને પાછો ફેંકી શકે – પ્રકાશનું પ્રતિબિંબ પાડી શકે એવી સ્થિતિ નથી થતી. કાટખૂણો નથી બનતો. જ્યારે તેથી વિરૂદ્ધ ચંદ્ર ઘટ્ટ શરીર ધરાવે છે માટે તે પોતાના ગોળગોળ ઘટ્ટ શરીરના મારફત પ્રકાશના જુદા જુદા ખૂણાઓ બનાવીને ધરતી પર રહેનારાઓને માટે સૂર્યનું પ્રતિબિંબ રજૂ કરે છે. આ તે સત્ય બાબતનું ઉદાહરણ છે કે રૂહાની ફરિશ્તાઓ શારીરિક અને માનવીપણું ન હોવાને લીધે પયગમ્બર (સ.અ.સ.)ની ખિલાફત અને તેમનું પ્રતિનિધિત્વ નથી કરી શકતા પરંતુ એક સંપૂર્ણ જ્ઞાન સંપન્ન માનવી – મનુષ્ય કે જે શરીર ધરાવે છે અને મનુષ્ય છે તે ખુદાના પયગમ્બર (સ.અ.સ.)નો નાયબ થઇ શકે છે અને તેના પ્રતિનિધિત્વની મહાન જવાબદારી પૂરી કરી શકે છે અને એવી મુબારક – બરકતવંતી વ્યક્તિ ઇમામે ઝમાન છે. સવાલ છે કે દિવસના

સમયે ચંદ્ર દેખાતો કેમ નથી ? અને તેની તાવિલ શું છે ?

જવાબ : જેમ દુન્યવી રીતે સમયના બે ભાગ છે– એક ભાગ દિવસ છે અને બીજો ભાગ રાત છે, તેમ દીની પ્રકારમાં પણ સમય બે રીતના હોય છે. એક સમય એ છે કે જ્યારે દિનનો સૂર્ય સામે હોય છે અને પ્રકાશ આપે છે, બીજો સમય એવો છે કે જેમાં દિનનો સૂર્ય સામે નથી હોતો અથવા જો હોય પણ છે તો તે અમુક સમસ્યાઓ ઉપર, (અમુક અંધારા ઉપર) પ્રકાશ નથી નાખતો. દિવસના સમયે ચંદ્રના નજરે ન પડવાની તાવિલ એ છે કે ચંદ્ર આપણી દ્રષ્ટિની મર્યાદાથી ઘણે ઊંચે છે. એટલે તે એટલો દૂર છે કે આપણી દ્રષ્ટિ ત્યાં સુધી પહોંચી શક્તી નથી. વળી દિવસના સમયે ચંદ્ર એટલા માટે નજરે નથી પડતો કે આપણી આંખો – આપણી દ્રષ્ટિ સૂર્યના પ્રકાશમાં ડૂબી જાય છે. આ બાબતની તાવિલ એ છે કે નબુવ્વતના સમયમાં – જ્યારે નબુવ્વતનો સત્તા કાળ પ્રવર્તી રહ્યો હતો ત્યારે – દીની પ્રકારે દિવસનો સમય હતો. આ જ કારણ છે કે રસૂલની હુજ્જત – રસૂલનો વારસ – સામાન્ય લોકોને દેખાતો નહોતો, તેમ છતાં ઘણી તાવિલ મુજબની સમસ્યાઓ એવી હતી કે જે ઉપર હઝરત રસૂલ (સ.અ.સ.) સીધો – (Direct) પ્રકાશ નહોતા નાખતા. આના થકી એમ ક્હેવું સાચું છે કે તે–એવો સમય રાત્રિના સમાન હતો જેમાં અસાસજ ચંદ્રની જેમ કામ કરતો હતો.

(૨૭) આ ભૌતિક જગતમાંની ખુદાની દિવ્ય નિશાનીઓમાંથી એક પાણી પણ છે, જેનું મૂળ અથવા પાણી

મેળવવાનું અસલ સ્થાન આકાશ એટલે કે ઊંચાઇ છે અને આકાશનો પ્રતિનિધિ પહાડ – પર્વત છે. આકાશ જાણે કે નાતિક છે અને પર્વત અસાસ છે. આકાશમાંથી પાણી ક્યારેક તો ઘણું વરસે છે અને ક્યારેક ઓછું અને ક્યારેક તો વરસતું જ નથી. પરંતુ આકાશનો પ્રતિનિધિ પર્વત જ છે કે જે બરફના સ્વરૂપમાં જામી ગયેલું તથા મોટાં મોટાં ઝરણાઓના સ્વરૂપે વરસાદનું પાણી ભેગું કરી લે છે અને પછી જરૂરત પ્રમાણે (Systematically) તે પાણીને ક્રમ વાર છુટું કરે છે, (આગળ વધારે છે) કે જેથી દરેક જરૂરિયાતના માટે હંમેશા પાણીમળી રહે. આ કુરાનની રૂહાનિય્યતનું જ ઉદાહરણ છે, કે કેવી રીતે તે નાતિકથી અસાસમાં બદલી થઇ છે, કે જેથી કરીને લોકોને બોધ આપવાનું, માર્ગદર્શન આપવાનું કામ – તેનો વસીલો – ચાલુ રહે અને આકાશી જ્ઞાનના અચાનક આવતા તોફાનમાં લોકો ડૂબી જઇને નાશ ન પામે, જે રીતે હઝરત નૂહ અલૈહિસ્સલામની કૌમ રૂહાની જ્ઞાનના તોફાનમાં ડૂબી જઇને નાશ પામી હતી. આ રીતે જાણાયું કે ખુદાના પયગમ્બરે પોતાના વારસદાર – પોતાના જાંનશિનના વ્યક્તિત્ત્વમાં કુરાનની રૂહ નાંખી છે.

(૨૮) કુરાનમાં (૩:૪૯)માં જે ફરમાવવામાં આવ્યું છે તેનો ખુલાસો, તેનો મતલબ એમ છે કે હઝરત ઈસા અલૈહિસ્સલામ ગારામાંથી (માટીના લોંદામાંથી) પક્ષિનો આકાર બનાવતા હતા અને તેમાં ઈસ્મે આઝમ ફુંકતા હતા. જેનાથી તે ખુદાના હુકમથી (જીવંત) પક્ષિ બની જતું હતું વળી જેઓ

જન્મથી અંધ હોય તેને અને કોઢના બિમારને સારો કરી દેતા હતા અને ખુદાના હુકમથી મૃત્યને જીવંત કરી દેતા હતા.

ઉપર જણાવેલ કામની તાવિલ એ છે કે, માટી–ગારાની તાવિલ છે મોમિનોનો દરજ્જો, પક્ષિની તાવિલ છે ફરિશ્તા અને રૂહાની મોમિનનો વિશ્વાસ અને તેનું ઈમાન અને તેની સાથે ઈલ્મુલ યકીન – ખાત્રી ધરાવનારૂં જ્ઞાન મેળવી દેવામાં આવે, ગારામાંથી પક્ષિનો આકાર બનાવવાનો ઈશારો છે તે મોમિનમાં ફરિશ્તાપણા તથા રૂહાનીય્યતની મહત્ત્વતા તથા લાગણી પેદા કરવી. પક્ષિના તે આકારમાં ફુંક મારવાનો અર્થ છે ઈસ્મે આઝમનો ઝિકર અને ખાસ ઈબાદત તે મોમિનને અર્પણ કરવા. અને (જીવંત) પક્ષિ બની જવાની તાવિલ એ છે કે તે મોમિનનો રૂહાની જન્મ અર્થાત ફરિશ્તાપણું તથા રૂહનીય્યતની જીંદગીનો આરંભ અને રૂહાનીય્યતની દુનિયામાં ઊંચે ઊડવું.

જન્મથી અંધ પેદા થએલાને ઠીક કરી દેવાનો તાવિલી અર્થ એ છે કે એક નવા મુસલમાન બનેલાને ઉપર જણાવ્યા મૂજબની રૂહાની કેળવણી દઈને બાતિનની પ્રકાશવાળી આંખો અર્પણ કરી દેવી. કોઢવાળા બિમારને સારો કરી દેવાનો અર્થ એ છે કે જે મોમિન રૂહાનીય્યતની શરૂઆતમાં ખૂબ જ સખત આંજી દેનારો અને સફેદ પ્રકાશમાં ફસાઈ જાય છે. તેની સુધારણા કરવામાં આવે અને મૃત્યને જીવંત કરવો તેનો અર્થ એમ છે કે જે મોમિન એક વખત (રૂહુલ ઈમાન) – ઈમાનની રૂહની જીંદગી (હૈયાતી)માં જીવંત થઈને પછી મુર્દા દિલ – મૃત્ય થઈ ચૂક્યાં છે તેમને રૂહાની પ્રકારે ફરીવાર જીવંત કરવું

અને તેઓને તેમના પહેલેના સ્થાન ઉપર પહોંચાડી દેવામાં આવે. હઝરત ઈસા અલૈહિસ્સલામના ઉપર જણાવેલાં મોજીઝાઓની હિકમતની આ તાવિલ હતી જે વર્ણવવામાં આવી.

હવે સવાલ એ થાય છે કે અંબિયાઓના સરદાર હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલૈહી વ આલેહી વસ્સલ્લમે પણ એવા મોજીઝા કર્યા છે કે નહી ? તમો ખાત્રિપૂર્વક જવાબ દેશો કે કેમ નહી ? ચોક્કસ ! ! આપ સાહેબ (સ.અ.સ.)માં તો સઘળાં પયગમ્બરોના કમાલિય્યતના ગુણો એકઠાં સમાવાયેલાં હતા અને તેઓ સાહેબ તો સર્વશક્તિમાન ખુદાના ખૂબ વહાલા હતા. મજકૂર તાવિલી મોઅજીઝાઓ એવા હતા કે તેનો સબંધ તો પવિત્ર ઈમામો અલૈહિમુસ્સલામ સાથે પણ છે.

(૨૯) એ જાણવું જરૂરી છે કે હૃદયની દ્રષ્ટિને બસિરત કહે છે મતલબ કે બાતિનની આંખથી રૂહાની હકીકતોને નિહાળવી એ બસિરત છે, અને હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.) વિષે હકતઆલા – ખુદાનું ફરમાન છે કે :

"કુલ હાઝીહી સબ્લી અદઉ ઈલલ્લાહ અલા બસિરતીન અના વ મનીત્તબન".

અર્થ : તમો કહી દો કે મારી રીત તો એ છે કે હું (લોકોને) ખુદાની તરફ બોલાવું છું. હું અને મારો મૂરીદ (બન્ને) બસિરત ઉપર છીએ (૧૨:૧૦૮). આ ઉપરથી સાફ જણાઇ આવે છે કે આપ નામદાર (સ.અ.સ.)ની સાથે આપની પાછળ ચાલનાર – આપનો મૂરીદ – એટલે કે હઝરત મૌલાના અલી અલૈહિસ્સલામ પણ બસિરત ઉપર હતા કે આ બન્ને પવિત્ર

ISW Institute for Spiritual Wisdom Luminous Science Knowledge for a united humanity

હસ્તીઓએ બાતિની આંખો વડે કુરાનની રૂહાનીય્યતના જગતની હકીકતો તથા મારફતોનો ખૂબીપૂર્વક્નો અનુભવ ક્ર્યો હતો અને હક – ખુદા – તરફની દાવતના માટે, આમંત્રણ માટે તેઓએ જે કંઇ ફરમાવેલું તે બસિરત ઉપર નિર્ભર હતું.

(૩૦) ખુદાતઆલા કુરાનમાં ફરમાવે છે કે "બલીલ ઈન્સાનુ અલા નફસહી બસીરત" (૭૫:૧૪) અર્થ : બલ્કે મનુષ્ય પોતે પોતાના (રૂહ)થી જાણકાર છે." મતલબ કે મનુષ્ય અસલમાં એ ગુણ ધરાવે છે – એ ખૂબી ધરાવે છે કે હૃદયની આંખોથી પોતાની રૂહાની સ્થિતિનો અનુભવ અને અવલોક્ન કરે. એ જો તેણે પોતાની એ લાયકાત – એ શક્તિ ખોઇ દીધી છે તો તે તેની પોતાની જ ભૂલ છે. તો આ કુરાનની આયાતમાં વિચારપૂર્વક જોવામાં આવે તો જણાય છે કે દરેક પ્રકારની રૂહાનીય્યતની કલ્પના પયગમ્બર અને ઈમામ અલૈહિસ્સલામ પછી નિચલા દરજ્જા સુધી પહોંચે છે.

(૩૧) સુરહ ૭૮ની આયાત નંબર ૨૯માં ફરમાવામાં આવ્યું છે કે "અને અમોએ દરેક વસ્તુને પુસ્તક્ના સ્વરૂપમાં – પુસ્તકમા નોંધી લીધી છે." આ આયાતની હકીક્ત સમજવાને માટે સર્વ પ્રથમ એ વિચારવું જોઇએ કે આ પુસ્તક કે જેમાં દરેક વસ્તુ સમાયેલી છે – દરેક બાબત નોંધેલી છે તે રૂહાની પ્રકારનું છે કે ભૌતિક પ્રકારનું છે (એટલે કે જાહેરીમાં જેવું પુસ્તક નજર આવે છે તેવા પ્રકારનું છે). અગર જો એમ ક્હેવામાં આવે કે તે ભૌતિક પ્રકારનું છે તો તેવું પુસ્તક તો આ કાયનાત જેટલું – બ્રહ્માંડની બરાબર થાય તેટલું મોટું હશે.

કેમકે સઘળી વસ્તુ – દરેક વસ્તુનો મતલબ આ કાયનાતમાં જે કંઇ મૌજૂદ છે તે દરેક વસ્તુ. અને જો એમ માની લેવામાં આવે કે એ પુસ્તક કે જેમાં કુલ કાયેનાત સમાયેલી છે તે રૂહાની પ્રકારની છે તો તે વ્યાજબી છે અને આ આયાતનો હેતુ પણ એમ જ છે અને કાયેનાતની સઘળી વસ્તુઓ જે આ પુસ્તકમાં સમાવેલી છે તે રૂહાની સ્વરૂપમાં છે અને તે પુસ્તક કુરાનની રૂહાનીય્યત છે કે જેને પયગમ્બર (સ.અ.સ.) અને ઈમામ (અ.સ.)નું નુર પણ કહેવામાં આવે છે.

આ પુસ્તિકામાં ઉલ્લેખ કરવામાં આવેલ આરંભથી અંત સુધી ના જે સત્યો – હકીકતો તથા મારફત છે તેમના પ્રકાશમાં નિહાળવાથી એ અર્થ સાફ જણાઇ આવે છે કે ખુદાના રસૂલ (સ.અ.સ.) અને ઈમામો (અ.સ.)નું પવિત્ર નૂર કુરાને હકિમની રૂહ અને રૂહાનીય્યતની હેસિયતથી છે અને એ જ નૂર સદા કાળથી – હંમેશથી લોકોના માટે ખુદાની હિદાયતનું મૂળ રહ્યું છે અને એ જ નૂરની રૂહાની તજલ્લીઓમાં, તેની કિરણોમાં મારફતના ખજાના છુપાયેલાં છે. બસ મોમિનને દરેક વખતે સજાગ અને હાજર રહેવું જોઇએ – પ્રયત્નશીલ રહેવું જોઇએ કે જેથી આ પવિત્ર નુરનો રૂહાની અનુભવ તથા ઓળખાણ મેળવી શકાય.

અલહમ્દુ લિલ્લાહી રબ્બિલ આલમીન.

ગુજરાતી અનુવાદ :

**અકબર હબીબ રાજન**

૧૭–૮–૧૯૯૧

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity